ગ્રંથાંક ૧૦.

# ચંપકશ્રેષ્ટીનું ચરિત્ર.

રચનાર,

શ્રીમન્ મુનિ માણેક.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન મિત્રમંડળ સભા તરફથી,

ભગવાનજી ગોબરભાઈ.

મુ. માંડલ, (તા. વીરમગામ.)

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

સર્વ હક્ક સ્વાધીન.

સને ૧૯૧૨. સંવત ૧૯૬૮.

કીંમત બે આના.

૧૬૭૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમદાવાદ.
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અર્પણપત્રિકા.

પરમોપકારી ધર્મોપદેશક શ્રીમન્ મુનિમહારાજ

**શ્રી માણેક મુનિજી.**

આપશ્રી જનસમાજના હિતાર્થે વારંવાર જાહેર પત્રોમાં આપની લેખીનીદ્વારા સદ્બોધનો પ્રચાર કરો છો તેટલુંજ નહિ, પરંતુ આ મંડળને પણ વારંવાર ઉત્તમ પુસ્તકો રચી આપી સારો આશ્રય આપતા આવ્યા છો તેથી આ મંડળ આપના સ્વાભાવિક વિશ્વપ્રશસ્ત, પરમાર્થપરાયણ પ્રવૃત્યાદિક સદ્ગુણોથી આકર્ષાઇ આપશ્રીની કૃત્તીઓમાંનું આ એક લઘુ પુસ્તક આપશ્રીનેજ અર્પણ કરી પોતાને કૃતાર્થ માને છે.

અમો છીએ,

**શ્રી જૈન મિત્રમંડળ યુવકવર્ગ.**

**માંડલ.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

ચંપકશ્રેષ્ટીનું ચરિત્ર સંસ્કૃતમાં છપાયેલું બનારસ યશોવિજય જૈન પાઠશાળામાં હર્ષચંદ્ર ભુરાભાઇ તરફથી બહાર પડયું છે. તેનું રસિકપણું તથા તેમાં અત્યુત્તમ બોધ જોઇ દરેકને તે વાંચવાનું મન થાય તે સ્વાભાવિક છે. તેનું ભાષાંતર ચંપકચરિત્ર નામથી ભાવનગર જૈનધર્મ પ્રસારક સભા તરફથી છપાયેલું છે. એટલું છતાં પણ સામાન્ય ગુજરાતી ભાષા શીખેલાને એકલું ભાષાંતર રસમય ન લાગે તેવું અમને લાગવાથી ગદ્યપદ્યમય બનાવી ગુજરાતી ભાષાના વાચક બંધુ તથા બ્હેનો માટે "ચંપકશ્રેષ્ટી" ની વાર્તા ગુર્જર વાચક સમક્ષ આ ગ્રંથ રજુ કરવામાં આવે છે.

અમારા કેટલાક બંધુઓ આવા ભાષાન્તર કરવાની વિરૂદ્ધમાં છે. તેનું કારણ જ્ઞાનનું બહુ માન ઘટવા તથા ગુરૂ પાસે ઉપાશ્રયે જવામાં પ્રમાદ થવાનું તથા પુસ્તકો ગમે તેમ ફેંકી આશાતના કરવાનું કારણરૂપ શ્રાવકોને થાય છે. ઉપરની બાબતોમાં વિચાર કરતાં પ્રથમનું કારણ જ્ઞાન વધતાં જ્ઞાની સંપૂર્ણ થએલો કદાપિ પણ બહુમાન ઓછું કરશે નહિ. તથા શ્રાવકે પ્રમાદ તજી વિરતિગુણ પ્રાપ્ત થવાનું કારણરૂપ મુનિ મહારાજોની સેવા કરવી. મુનિનું ઓછું જ્ઞાન પણ શ્રાવકના વિશેષ જ્ઞાન કરતાં ચઢે છે; કારણ કે ફળ તે વિરતિ છે; તથા પુસ્તકોની આશાતનાનું કારણ પુસ્તકોના ટાઇપ, કાગળ વિગેરે સાદી સ્થીતિ તેમજ સાચવવાની ખામી તેજ છે માટે લક્ષમાં રાખી જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનની આશાતનાથી ના બંધાય તેવી રીતે પુસ્તકોનું મનન કરવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## આ ગ્રંથનો મુખ્ય સાર.

ચંપકને રિદ્ધિ પ્રાપ્ત થવાનું કારણ તેણે પૂર્વભવે દુકાળમાં ગરીબ જીવોને અન્ન આશ્રય તથા દુઃખી જનોને ઔષધાદિ આપ્યા હતાં. તેથી તેને બીજા ભવમાં છન્નુ કરોડ સુવર્ણ મોહોરો બીજા પાસેથી તથા ચૌદકરોડ તેને વેપારમાંથી પ્રાપ્ત થઇ હતી. હાલના દુષ્કાળમાં જે કોઈ પ્રિય પાઠકગણ મદદ કરશે તેને પણ ભવિષ્યમાં તેવી રિદ્ધિ પ્રાપ્ત થશે.

વળી તેની સ્ત્રીએ પણ તેવા દુષ્કાળમાં ગરીબોને સહાય કરી તેથી બીજા ભવમાં સર્વે વાતે સુખ પામી.

વૃદ્ધ બાઇ જે કોઇ અનાથ હતી તેને દાનશાળામાં વધારે ખાધેલું ન પચવાથી રોગી થતાં તેને તિરસ્કાર ન કરતાં પોતાના ઘરમાં લાવી ચાકરી કરી, તેથી તે બીજા ભવમાં ઉપકાર કરનારી પાલકમાતા થઇ. પોતે બીજાનો યત્કિંચિંત પરાભવ કર્યો તેથી તેને બીજા ભવમાં અત્યંત પરાભવ ખમવો પડયો. વળી તેણે પોતાના ઉત્તમ કુળનો મદ કર્યો તેથી બીજા ભવમાં તેને દાસીના પેટ અવતરવું પડયું અને જ્યારે પોતાના પૂર્વ ભવનું સ્વરૂપ તેને માલુમ પડયું ત્યારે તેણે દીક્ષા લેઇ આત્મ કલ્યાણ કર્યું તે ખાસ લક્ષમાં લેવાનું છે.

બુદ્ધિદત્તે પૂર્વે લોકોનું ધન ઠગી લીધું હતું, તેથી બીજા ભવમાં ધન મેળવીને પણ ખાઇ શકયો નહિ, તેમ પુણ્યક્ષેત્રમાં વાપરી પણ શક્યો નહિ અને પોતાના ધનનો માલિક દાસીપુત્ર થશે તેના માટે દૈવીનું વચન સાંભળી તેને જન્મ્યા પહેલાંજ મારી નાંખવા મનસુબો કરી તેની માને મારી નાંખી તથા ચંપકને મારવા બંધુને, સ્ત્રીને તથા નોકરોને ફરમાવ્યું પણ તેના ભાવી પ્રબળથી તે બચ્યો અને પોતેજ બુરા હાલે મુવો. વળી તેણે પોતાની બુદ્ધિ ચાતુર્યનો ઉપયોગ સત્માર્ગે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહીં વાપરતાં કુમાર્ગે કર્યો તેથી તે કદી પણ ફતેહમંદ થયો નહિ. જો તેણે સારા માર્ગે ધન વાપરી પરોપકાર કર્યો હોત તો આ લોકમાં તેમ પરલોકમાં પણ સુખી થાત.

જૈનોમાં અનુંકપાદાન કેવી રીતે અપાય છે તે હાલ પણ પાંજરાપોળો વિગેરેથી પ્રત્યક્ષ જણાય છે. અમારા બીજા બંધુઓ પણ ગરીઓના ભલા માટે તેવો પ્રયાસ કરી સદ્ગતિને પ્રાપ્ત થાય તથા અનિતી કરતાં અટકે તેજ હેતુથી આ ગ્રંથ લખવામાં આવ્યો છે.

પુજ્યપાદ પન્યાસજી હર્ષમુનિજીનું કલકત્તામાં પધારવું થયું તે વખતે તેમના સદુપદેશથી પાટણવાળા શ્રીમાન શેઠ ચીમનલાલ વાડીલાલની કું. વાળા વાડીલાલભાઇએ પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવા માટે પુજ્યવર્ય પન્યાસજીના લઘુ શિષ્ય ધર્મોપદેશક શ્રી માણેક મુનિજીએ ભવ્ય જીવોના ઉપકારાર્થે આ ચંપકશ્રેષ્ટી નામના ગ્રંથનું ભાષાંતર કરેલું તેને છપાવવામાં સહાય કરી છે તેને માટે તેઓ શેઠજી ખરેખર ધન્યવાદને પાત્ર છે. તેઓશ્રીનું અનુકરણ કરી અન્ય બંધુઓ પણ જ્ઞાનનો વધારો કરવામાં યથાશક્તિ ઉત્તેજન આપશે એવી આશા છે.

વાંચકવર્ગ તરફથી આ લઘુ ગ્રંથને સારો આશરો મળશે તો તેવી બીજી પુરાણી કથાઓ પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં જે જે બંધુઓએ આત્મીક તથા દ્રવ્ય વિગેરેની સાહાયતા કરી છે તેને માટે તેઓશ્રીનો એક વાર વધુ ઉપકાર માની અમે વીરમીએ છીએ.

અમો છીએ.

**શ્રી જૈન મિત્રમંડળ યુવક વર્ગ.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શુદ્ધિપત્ર.

| પૃષ્ઠ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૩ | ૭ | પાસ | ખાસ |
| ૮ | ૨૭ | આષણો | આપણો |
| ૯ | ૧૮ | ચંપસ્થળ | ચંદ્રસ્થળ |
| ૯ | ૧૯ | પુત્રીનું | પુત્રીને |
| ૯ | ૧૯ | પરણાવાનાં | પરણાવવાનાં |
| ૧૧ | ૧ | વસ્તે | વત્સે |
| ૧૧ | ૨૩ | જણ | જન |
| ૧૩ | ૨૦ | તતકાળ | તત્કાળ |
| ૧૪ | ૮ | ક્રીડો | ક્રીડા |
| ૧૪ | ૨૫ | ,, | ,, |
| ૧૫ | ૪ | દુર્દૈવયોગ્ય | દુર્દૈવયોગે |
| ૧૫ | ૨૧ | કર્મયોગ્યે | કર્મયોગે |
| ૧૬ | ૨૧ | થાકીને જ | થાકીને |
| ૨૧ | ૬ | ધન્ય | ધિક્ક |
| ૨૫ | ૨૩ | તતકાળ | તત્કાળ |
| ૩૧ | ૭ | પ્રાણીગ્રહણાદિ | પાણીગ્રહણાદિ |
| ૩૪ | ૧૩ | આપો છો | આપે છે |
| ૩૪ | ૨૧ | ક્રાળ | કાળ |
| ૩૮ | ૨૩ | વ્યાપો | વ્યાપ્યો |
| ૪૨ | ૨ | દવીક | દૈવીક |
| ૪૨ | ૧૫ | હસ | દસ |
| ૪૪ | ૧૦ | મધ્ય | મદ્ય |
| ૪૮ | ૨૭ | અમલ્ય | અમૂલ્ય |
| ૫૦ | ૧ | કોસ્ય | કોસ્યા |
| ૫૫ | ૧૯ | થોડા સુખની. | થોડા સમયમાં સુખની. |

આ સિવાય કાંઇ પણ ભાષા દોષ જણાય તો ભુલચુક સુધારી વાંચવા કૃપા કરશો.

**તા. ક.**—સતી શીયળવતીની કીંમત રૂ. ૦-૨-૦ છપાણી છે પણ કીંમત રૂ. ૦-૪-૦ જાણવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ચંપક શ્રેષ્ટીનું ચરિત્ર.

## મંગળાચરણ.

દોહરા.

શાંતિ જિન સુખદાયી છે, કલકત્તા મોઝાર;
પ્રણમીતે ને પ્રેમશું, કહું કથા સુખકાર.
મોહન મુનિ બહુ ગુણી, વળી હર્ષ પન્યાસ;
ચર્ણે તેને શીષ ધરી, ચાહું શ્રુત અભ્યાસ.
દેવી સુધાધારિણી, વાણી જે સુખદાય;
પામી કૃપા હું તેહની, કરૂં ચંપક કથાય.
પુર્વાચાર્યે જે કહી, સંસ્કૃત ભાષા હોય;
બાળજીવોને કાજ હું, કરૂં તે ગદ્ય જોય.

॥ ॐ नमः वीतरागाय ॥

દોહરા.

ચંપાનગરી શોભીતી, વસે વર્ણ દશ આઠ;
ચોરાસી ચૌટાં તીહાં, વેપારે બહુ ઠાઠ.

જંબુદ્વીપની દક્ષિણ દિશાએ ભરતક્ષેત્ર છે. તે મધ્યે અતિ દેદીપ્યમાન એવી ચંપા નામે નગરી છે તેમજ તે નગરીના વિષે સૌગંધિક ગાંધી, તાંબુલ્યાદિક વેચનાર તંબોળી, ઝવેરી, સરાફ, સુખડુ વેચનાર કંદોઇ, કાષ્ટાદિક કાર્ય કરનાર સુતાર, સુવર્ણાદિકનું જડનાર જડીયા ( ચોકસી ), અનાજ વિગેરે વેચનાર દુષ્યક, મોચી, કંસારા, ઇત્યાદિક અનેક અઢારે વેપારાદિ વર્ગ તેમજ હુન્નરી લોકોથી સંપુર્ણ. ચોરાસી ચૌટાથી શોભીતી અને અઢારે વર્ણોથી ભરપુર એવી અંગદેશમાં શોભાયમાન ચંપા નામની નગરી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**સામંતપાલ રાજા તીહાં, બુદ્ધિદત્ત છે શેઠ;**
**સોનૈયા છન્નુ ક્રોડથી, લક્ષ્મી કીધી હેઠ.**
**ખરાબ ચીજજ ખાઇને, નાણું વધારી ઘેર;**
**દાણાદિકના સંગ્રહથી, વેપારે બહુ લે'ર.**
**તન મન ધનથી મેળવે, પુણ્યવાન શુભ લાભ;**
**તે આ મન સમજે નહી, દેખવા માત્રજ આભ.**

તેજ નગરીને વિષે ન્યાયયુક્ત પ્રૌઢ પ્રતાપી, સર્વ ગુણાદિક યુક્ત એવો સામંતપાળ નામે રાજા રાજ્ય કરે છે અને છન્નુ ક્રોડ સોનૈયાની અખંડ રિદ્ધિએ કરી યુક્ત એવો અતિ કૃપણ બુદ્ધિદત્ત નામે શેઠ વસે છે. તે શેઠ ખર્ચ કમી કરવાના કારણે ઉદરપોષણાદિકને વિષે હલકો પદાર્થ વાપરે છે. પણ વેપારમાં નિપુણ હોવાથી અનાજ વિગેરેનો સંગ્રહ કરી યોગ્ય સમયે વેચતાં ધન વિશેષ ઉપાર્જન કરી લીધુ હતું. આવી રીતે ધન મેળવનાર પુણ્યવાન જીવ હોય તો તે ભવિષ્યમાં નવુ સુખ મળવા માટે તથા મળેલુ કાયમ રહેવા માટે નવું પુણ્ય બાંધવા સારાં કાર્ય કરે છે, પણ તે તો આ શેઠ સમજ્યોજ નથી. તેથી દેવ ગુરૂની સેવા કે ભિક્ષુકોને દાન દેવું અગર તીર્થ યાત્રાદિક ધર્મકાર્ય કરવું તે કાંઇ પણ કાર્ય કર્યા વિના અત્યાર સુધીની જીંદગી વ્યર્થ ગુમાવી છે.

એક દિવસ તે શેઠ પોતાના શયનગૃહમાં સુતો છે ને પોતાની કૃપણતાનો વિચાર કરતાં નિદ્રાવસ્થામાંથી જાગ્યો તેવામાં સાંભળ્યું કે:—

**આ લક્ષ્મીને ભોગવે, તે પુણ્યશાળી જીવ;**
**ઉદરમાતાને અવતર્યો, પામીને બહુ શીવ.**
**મારી લક્ષ્મી ભોગવે, એ છે કોઇ અન્ય;**
**શેઠ સંભ્રાતે ચિંતવે, લોભે જે અધન્ય.**

આ શેઠની અત્યંત લક્ષ્મીને ભોગવનાર પુણ્યશાળી જીવ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માતાના ઉદરમાં બહુ કલ્યાણ મેળવીને અવતર્યો છે. આવી રીતનું આ દેવીનું અદશ્ય દૈવિક વાક્ય સાંભળીને શેઠે વિચાર્યું કે મારી લક્ષ્મીને ભોગવનારો શું કોઈ અન્ય પુરૂષ છે કે? કારણ કે ધનના લોભે તે કૃપણ શેઠે દાન, કે ભોગ કશુંએ કર્યું નથી.

**પુછે શેઠજ દેવીને, કીધો વળી ઉપવાસ;**
**કુશ સંથારે સુઇને, દેવી આરાધી પાસ.**
**સાત દીને કુળ દેવીએ, આવી પ્રત્યક્ષ પાસ;**
**કહી દીધુ ત્યાં શેઠને, સાંભળ્યું ન થાય નાસ.**

આવી ત્રણ દિવસ નિરંતર અદશ્ય દૈવીકવાણી સાંભળવાથી શેઠે પોતાની જે કુળદેવી ત્યાં દર્ભના સંથારાનું આસન કરી તેની સમીપે બેસી દેવીને આરાધતાં સાત ઉપવાસે દેવી પ્રત્યક્ષ પ્રગટ થઈ, પ્રસન્નતાથી કહેવા લાગી કે તેં ત્રણ દિવસ જે દૈવીક વાણી સાંભળી છે તે નિષ્ફળ થવાની નથી. ( અર્થાત સત્ય છે. )

**અવતર્યો માતા ઉદરે, નિશ્ચે માની લેજ;**
**મારો પણ ઉપાય નહીં, ભવિતવ્યતા એજ.**

કારણકે તારી લક્ષ્મીનો ભોક્તા એવો જે પુંણ્યશાળી જીવ તે માતાના ઉદરમાં અવતરી ચુકયો છે. ત્યારે શેઠે અતિ ગભરાઇને કહ્યું કે હવે હું શું કરૂં. ત્યારે દેવીએ કહ્યું કે તેમાં મારો કાંઈ પણ ઉપાય નથી તો તું શું કરવાનો હતો? કારણકે એજ ભવિતવ્યના છે જે થવાનું છે તે થયા વિના રહેનાર નથી.

**કયાં અવતર્યો પુછતાં, બોલી દેવી વાણ;**
**પુર જે કાંપીલ પુર છે, તેમાં તેને જાણ.**
**ત્રીવીક્રમ જે શેઠીયો, દાસી પુન્યશ્રી જયાં;**
**કુખમાં તેની અવતર્યો, સુખે વસ્તો ત્યાં.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે શેઠે પુછ્યું કે હે દેવી! તે ક્યાં અવતર્યો છે. તે વખતે દેવીએ અંતરિક્ષ જ્ઞાનથી જાણીને કહ્યું કે કાંપીલ્ય નગરીને વિષે ત્રીવીક્રમ નામે શેઠના ઘરમાં પુણ્યશ્રી દાસીની કુક્ષીને વિષે સુખથી તે પુણ્યશાળી જીવ છે.

**દેવી કહી ત્યાંથી ગઇ, સુતો શેઠજ સહેજ;**
**પ્રાતઃકાળે ઉઠતાં, હૈયે વાત છે એજ.**
**પારણું કરી ઉપવાસનું, લઘુ ભાઈની પાસ;**
**વાત સુણાવા તેહને, રાતે સાંભળી ખાસ.**

આટલું કહી દેવી ત્યાંથી અદૃશ્ય થઇ ગઈ. ત્યારે શેઠ પાછો સુઈ ગયો. પણ જ્યારે પ્રાતઃકાળમાં ઉઠે ત્યારે એની એજ વાત તેના હૃદયને વિષે અતી ચિંતા કરાવતી હતી તેથી તે શેઠ સવારમાં પારણું કરીને પોતાના લઘુ બાંધવને બોલાવી રાત્રિને વિષે બનેલી સઘળી હકીકત કહી સંભળાવી. ત્યારે,

**ત્યારે લઘુભ્રાતા કહે, સાધુદત્ત જે નામ;**
**સાચી વાત એ છે ખરી, મુકો સોચ તમામ.**

લઘુ બાંધવ કે જેનું નામ સાધુદત્ત હતું. તેણે કહ્યું કે એ વાત સત્ય છે, જે બનવાનું હોય તે બન્યા વીના રહેનાર નથી માટે તમો તેનો સોચ કરવો મુકી દો, કારણકે તેમાં કોઇનો કશો પણ ઉપાય નથી.

**વડો ભ્રાત વળતું કહે, લોકે એમ કહેવાય;**
**તોપણ ઉદ્યમથી થતું, નામ નસીબ ગણાય.**

તે સમયે વડીલ બંધુ બુદ્ધિદત્તે કહ્યું કે લોકમાં એમ કહેવાય છે છતાં પણ નામ નશીબનું ગણાય છે. બાકી કાર્ય તો ઉદ્યમથીજ થાય છે. માટે મારે તેમાં કાંઈ પણ ઉદ્યમ કરવો જોઇએ. કહ્યું છે કેઃ—

**ઉદ્યમ સાહસ ધૈર્યને, બળ બુદ્ધિને શૂર;**
**એ જો પાસે હોય તો, વિધાત્રી ભાગે દૂર.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ અને સૂરાતન એ છ વસ્તુઓ જેની પાસે હોય તેની પાસે છઠ્ઠીના લેખ લખનારી વિધાત્રા પણ દૂર ભાગી જાય છે. (અર્થાત આવી શકતી નથી.)

**ભ્રાતા લઘુ ત્યારે કહે, ઉદ્યમ કરો હજાર;**
**લખ્યા લેખ ટળે નહીં, કલેશ ફક્ત મળનાર.**

ત્યારે લઘુભાઇએ વડીલ ભ્રાતને કહ્યું કે હે બાંધવ! હજારો ઉદ્યમ કરો પણ લખ્યા લેખ ટળનારા નથી અગર મિથ્યા થતા નથી. અને કદાચ પોતાના બળના કે બુદ્ધિના ગર્વથી ફેરફાર કરવા જાય તો તે ફક્ત ક્લેશનેજ પામે છે. અર્થાત (તેનું વાંચ્છિત કાર્ય ફળીભુત થતું નથી.)

**દૈવ ઉલંઘી જે કરે, ફળશે નહી કદી તે;**
**સરોવર પાણી નીકળે, ચાતક કંઠથી એહ.**

દુનિયામાં પણ દેખાય છે કે નસીબને ઉલ્લંઘી જે કાર્ય કરે છે તે કદી પણ ફળીભુત થતું નથી. જેવી રીતે ચાતક નામના પક્ષીના નસીબમાં સરોવરનું પાણી લખ્યું નથી છતાં તે જો પીયે છે તો તેના ગળાના છીદ્રમાંથી પીધેલું પાણી પણ નીકળી જાય છે. વળી આ બાબતમાં એક બનેલી વાત કહી બતાવું છું તે હે બંધુ તમો સાંભળો.

**રત્ન સ્થળ નામે નગર, રત્નસેન છે રાજ;**
**રત્નદત્ત પુત્રજ વળી, કળા બહોતેરી સાજ.**
**યોગ્ય વયમાં આવતાં, રૂપ તણે અનુસાર;**
**કન્યા તેની શોધવા, પીતા કરે વીચાર.**
**કુંવર રૂપને ચીતરી, જન્મપત્રિકા હાથ;**
**ચાર દિશામાં મોકલ્યા, સોળ સોળ મંત્રી સાથ.**
**પુર્વ દિશામાં જે ગયા, પાછા આવ્યા તેહ;**
**કન્યા યોગ્ય મળ્યા વિના, વિલખે મુખે એહ.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**જેમ નાટ્યના કાર્યમાં, નર્તકી ભુલે તાલ;**
**એહજ વ્યર્થ પામવા, બની જાય બેહાલ.**

અતિ શોભાયમાન એવી રત્નસ્થળ નામે નગરીને વિષે રત્નસેન નામે રાજા રાજ્ય કરે છે. તેને બહોતેર કળામાં નિપુણ એવો રત્નદત્ત નામે પુત્ર છે તે જ્યારે યુવાવસ્થામાં આવતાં તેના રૂપગુણને અનુસરતી અતિ રૂપવાળી કન્યાને શોધવા સારૂં તેના પિતાએ કુમારની રૂપ પત્રીકા ચીત્રાવી અને જન્મ પત્રીકા આપીને ચારે દિશાએ સોળ સોળ મંત્રીને મોકલ્યા. ત્યારે જે પુર્વ દિશામાં મંત્રીઓ ગએલા હતા તેઓએ ઘણી શોધ કરવા છતાં પણ તેને યોગ્ય કન્યા ન મળવાથી તેઓ વિલખે મ્હોંડે ઉદાસીન ચેરે પાછા વળ્યા. કારણકે જેમ નાચનારી નાચવાના વખતે નાટકમાં તાલમેલ ભુલી જાય તો તેની કેવી દશા થાય છે? તેમ તેઓ પણ ખેદ પામી નગરને વિષે પાછા આવ્યા. હવે ઉત્તર દિશામાં ગયેલા સોળ મંત્રીઓ ભમતાં ભમતાં ગંગા નદીના કીનારે આવ્યા. ત્યાં ચંદ્રસ્થળ નામે નગરને વિષે ચંદ્રસેન નામે રાજા છે. તેની ચંપાવતી નામની કન્યા ચોસઠકળામાં નિપુણ અને દેવીના સરખી રૂપને પાત્ર છે. તે સભામાં જઈ મંત્રીઓએ પોતાના રાજ્યકુમારની છબી તથા જન્મપત્રીકા રાજાને બતાવી.

ભુજંગી છંદ.

**છબી જન્મની પત્રિકા સાથ જેની,**
**ખરે મેળવું પુત્રીને સાથ તેની;**
**અતિ રૂપ લાવણ્યથી શોભા તેની,**
**પુરાં પુન્યથી પર્ણશે નાગ વેણી.**

રાજાએ તે છબી તથા જન્મપત્રીકા જોતાંજ તેનું અનુપમ રૂપ તથા પ્રબલ ઉંચ સ્થાને પડેલા ગ્રહો જોઇ તે રાજકુમારની સાથે પોતાની પુત્રીનું રૂપ મેળવવાને તેને બોલાવી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કારણકે તેના પ્રમાણમાં પુત્રીનું રૂપ તથા ગુણ હોવા જોઇએ. તે જાણતો હતો કે જેને પુર્વે પુરાં પુન્ય કર્યા તેજ નાગ સરખા ચોટલાવાળી સુંદરી તે ભાગ્યવાન કુમારને પરણશે.

**અહો નાગકન્યા, ખરે આવી આજે;**
**પુરા પ્રેમથી દેખતાં શોધી રાજે.**
**કને રાખતાં ચોગ્યતાં, દેખી બેની;**
**કરી નિર્ણયે જોડી છે, સાથ તેની.**

જ્યારે રાજાએ બોલાવેલી રાજ્યકન્યા ત્યાં આવી, ત્યારે રાજાએ તેના રૂપથી ચકિત થઈ વિચાર્યું કે આ નાગકન્યા શું આવી છે? પણ જ્યારે બરોબર નીશાનીપુર્વક ખરા ભાવથી તપાસીને જોઇ ત્યારે પોતાની રાજકન્યાને ઓળખી તેની સાથે પેલી છબી સરખાવી ત્યારે બન્નેનું રૂપ મળતાં રાજાએ નિર્ણય કરીને તેની સાથે કન્યાને પરણાવવા વીચાર્યું.

દોહરા.

**જોશીને બોલાવતાં, જોયું તેણે લગ્ન;**
**દીન સત્તરમાં આવતું, બાર વર્ષ પછી વિઘ્ન.**

વિચાર કરી જોશીને બોલાવ્યા ત્યારે તરતજ જોશીઓએ લગ્ન જોઇ કહ્યું કે સત્તર દિવસમાં નિર્વિઘ્ન લગ્ન આવે છે પણ ત્યાર પછી બાર વર્ષ સુધીમાં પણ જે લગ્ન આવે છે તે વિઘ્નવાળુંજ આવે છે.

ભુજંગી છંદ.

**પછી રાય પુછે, ગુણી જેહ મંત્રી;**
**વીચારી વદે, તર્કમાં જેહ તંત્રી.**
**મુકો સાંઢણી, શીઘ્રતા વેગવાળી;**
**લઈ આવે કુમારને, ભાગ્યશાળી.**

તેથી રાજાએ વીચારમાં પડી જે ગુણવાન મંત્રી હતો તેની સલાહ પુછી. ત્યારે તર્ક કરવામાં જે તંત્રી હતો તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંત્રીએ તેવો તોડ કાઢી આપ્યો કે અતિ વેગવાળી સાંઢ-ણીને મોકલો કે તે ભાગ્યશાળી કુમારને લઇ આવે. તે આ-વતાં કન્યા સાથે સુખેથી તેટલાજ સમયમાં લગ્ન થઈ શકશે.

**મુકયા મંત્રીને સાંઢણીએ ચઢાવી,**
**પહોંચ્યા દીન પાંચે પુરે ગામ આવી;**
**બતાવ્યું રૂડું રૂપ કન્યાનું જ્યારે,**
**રાજાએ કર્યો પુત્ર તૈયાર ત્યારે.**

રાજાએ તે મંત્રીની વાત યોગ્ય ધારી તે આવેલા રાજાના મંત્રીઓને સાંઢણી ઉપર ચઢાવી તેમની સાથે પોતાની ક-ન્યાના લાવણ્ય રૂપની છબી આપી. અને તેઓ પાંચ દિવસે પોતાના નગરને વિષે આવ્યા ત્યારે રાજા પાસે તેમણે રાજકન્યાની છબી તથા બનેલી વાત કહેતાં રાજાએ હર્ષ પામી યોગ્ય રૂપ બન્નેનું જાણી લગ્નનું નક્કી કરી તેની સાથે પોતાના કુમારને મોકલવા તૈયારી કરી.

જ્યારે એક બાજુ તે કુંવર તથા કન્યાના માત પીતા લગ્નની ગોઠવણ કરે છે. ત્યારે બીજી બાજુ વિવિધ પ્રકારની રચના ગોઠવાય છે. લંકા નામે નગરી છે ત્યાં રાવણ રાજા રાજ્ય કરે છે. જેની પાસે ચાર શ્રેણી સૈન્ય અને અઢાર કોટી વાજીંત્ર છે. અને જેની સેવામાં લોકપાલ સહીત ઇન્દ્રો હાજર થાય છે. તે રાવણે એક દિવસે જોશીને પુછયું કે હું આવો બળવાન છું તો મારૂં મૃત્યુ કોના હાથથી અગર કેવી રીતે થશે તે કહો? ત્યારે નિમિત્તિઆએ કહ્યું કે હે રાજેન્દ્ર! તમારૂં મૃત્યુ રામ તથા લક્ષ્મણના હાથથી થવાનું છે. અને તેઓ અયોધ્યા નગરીમાં દશરથ રાજાના પુત્ર તરીકે જન્મવાના છે. તેથી મંત્રીઓ સાથે રાવણ રાજા સલાહ કરવા લાગ્યો કે આનો ઉપાય આપણે શું કરવો? ત્યારે મંત્રીઓ બોલ્યા કે હે રાજન્! તે વિષે આપણો કાંઈ ઉપાય નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**વિધિ ભાગતી જોડતી જોડયું ભાગે,**
**નહીં કોઈ તર્ક તીહાં કામ લાગે;**
**કર્યા ઉધમો તે વળી વ્યર્થ જાયે,**
**વિધાત્રા તણા લેખ મીથ્યા ન થાયે.**

કારણકે વિધાત્રા જે લેખ લખવાવાળી છે તે આપણા વિચારને ભાગી નાખે છે, ભાગતાંને જોડી નાંખે છે અને આપણા જોડેલાને પણ તે તોડી નાંખે છે તો તેની પાસે આપણો એક પણ તર્ક ચાલતો નથી. કોઇ પણ પુરૂષ ઉધમ કરવા જાય તો તે વ્યર્થ જાય છે. પણ વિધાત્રાએ લખેલા છઠ્ઠીના લેખ કદી પણ મીથ્યા થતા નથી.

તે વખતે રાવણે અહંકારપૂર્વક ગર્વથી કહ્યું કે અહોહો હે પુરૂષો એ બીચારી વિધ્રિ તમોને શું કરી શકે તેમ છે? પુરૂષત્વ તેજ દરેક કાર્યમાં કામ લાગે છે.

દોહરો.

**નિમિત્તક વળતું કહે, સાંભળ રાવણ રાજ;**
**કહ્યું એક મારૂં કરો, તો ખાત્રી થાયજ આજ.**

ત્યારે નિમિત્તિયાએ કહ્યું કે હે રાવણ રાજન્! મારૂં એક કહ્યું કરો કે જેથી તે બાબતની તમોને ખાત્રી થશે.

ચંપસ્થળને રત્નસ્થળ નામના નગરના નૃપના પુત્ર; તથા પુત્રીનું આજથી સત્તરમે દિવસે મધ્યાન સમયે પરણાવાનાં છે તે જો રોકવાને તમો તથા ઇંદ્ર કે બીજો કોઈ પણ શક્તિમાન પુરૂષ સમર્થ હોય તો પછી જાણવું કે તે વિઘ્ન અટકાવવાની તમારી શક્તિ છે, અને જો તે રોકી ના શકાય તો રામ લક્ષ્મણના હાથથી તમારૂં મૃત્યુ થવામાં તમારો કશો પણ ઉપાય કામ લાગવાનો નથી તે ચોકસ જાણી લેજો.

હવે રાવણે તે વાત મનમાં ધારીને વિધાત્રાને જુઠી પાડવા માટે ચંપાવતી કન્યાને બે અન્ય રાક્ષસો મોકલી તેના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પિતાના મહેલમાંથી અપહરણ કરાવી પોતાની પાસે મંગાવી. તે રાક્ષસોએ કન્યાને લાવીને સોંપી, ત્યારે રાવણે વિદ્યા નામની દેવીને બોલાવીને કહ્યું કે, તારૂં તિમિંગલ (માંછલાં) ના આકારે પર્વત જેવું મોટું રૂપ આકર્ષી આ દાંતની બનાવેલી પેટીમાં ચંપાવતી કન્યાને મુકીને તે પેટી તારા મુખમાં રાખી સત્તર દિવસ સુધી ગંગા અને સમુદ્રનો જ્યાં સંગમ થાય છે ત્યાં મધ્ય ભાગે રહે. તત્કાળ તે દેવી તેનું વચન પ્રમાણ કરતી હવી.

ત્યાર પછી રાવણે તક્ષક નામનો કોઈ વ્યંતર દેવ છે તેને બોલાવીને કહ્યું કે તું આ ચંપાવતિ કન્યાને પરણવા સજ્જ થયેલા રત્નકુમારને ડંસ. (કરડ) તે દેવે તેને કરડતાં મૂર્છાને પામ્યો. તે બેભાન થયેલા કુંમારને જાગૃત કરવા રાજાએ મંત્રવાદીઓને બોલાવ્યા. તેમણે અનેક ઉપચાર કરવા છતાં આરામ ન થવાથી તેઓએ રાજાને કહ્યું કેઃ—

**શાસ્ત્ર માંહી ભાખીયું, સાપે કરડયો જેહ;**
**મુર્છા રહે ખટ્ માસની, મુકો જલમાં તેહ.**

વૈદોના કહેવાથી રાજાએ તેને અગ્નિમાં ન બાળતાં પેટી મધ્યે મુકીને તેને ગંગા નદીમાં વહેવડાવી દીધી. તે દૈવ યોગ્યે વહેતી વહેતી જ્યાં કન્યાને રાખવામાં આવી હતી તે સ્થળે આવી પહોંચી. સતરમે દીવસે કન્યાને રાખવાવાળી દેવી પ્રભાતમાં વીચાર કરવા લાગી કે ઘણા દીવસ આ કન્યા વાળી પેટીને મુખમાં રાખવાથી થાકી ગઈ છું અને ચાલવાને શક્તિ પણ નથી તેથી પોતાને સોંપેલું કાર્ય ભુલી જઈને તે વીચાર કરવા લાગી કે થોડીવાર આ કન્યાને પેટી મધ્યેથી બહાર કાઢીને ગંગા સાગરમાં ક્રિડા કરૂં એમ વીચારી લગ્નના દિવસે એટલે કે સતરમા દિવસે તે પેટી બહાર કાઢી નજીકના તટમાં મુકી પેટી ઉઘાડી કન્યાને દેવી કહેવા લાગી કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે વસ્તે ! હું થોડીવાર અહીં ક્રિડા કરૂં ત્યાં સુધી તું પણ સમુદ્રના કીનારે ક્રિડા કર, અર્થાત્ ( ખેલ ) એમ કહી દેવી ગઈ.

હવે પવનથી પ્રેરાતી તે પેટી કે જે મધ્યે કુમારને મુકેલો છે તે પેટી જ્યાં કન્યાને રાખવામાં આવી છે ત્યાં આગળ આવી પહોંચી. કન્યાએ આશ્ચર્ય પામીને તે પેટી કીનારે લાવી ઉઘાડી જોયું તો વિષ જેને ચડેલ છે. એવા બેભાન સ્થિતિમાં કુમારને જોયો. તે સમયે કન્યાએ પોતાની પાસે વીખને હણવા વાળી મુદ્રિકા ( વીંટી ) હતી તેને પાણી સાથે સીંચન કરીને કુમારની મુર્છા ઉતારી. ત્યાર પછી તેણે ધારીને કુમારને જોતાં જાણ્યું કે પટ્ટમાં ચિત્રેલા રૂપ સરખોજ આ હોવાથી આ રત્નદત્ત કુમાર છે અને મારા પિતાએ તેની સાથે લગ્ન નિરધાર્યું હતું. એમ જાણીને તે કન્યાને અતિ હર્ષ થયો. કુમારને પણ તેવોજ વીચાર થયો. બંનેને અરસપરસ પીછાણ થતાં હર્ષથી ભેટયાં ને તેઓ બન્ને જણાંએ સંકેત કર્યો કે આજેજ આપણો લગ્નનો દિવસ છે. તેથી લગ્નનો સમય હોવાથી ગાંધર્વ વિવાહની વિધિ પ્રમાણે બન્ને જણાએ પોતાની મેળે અરસપરસ પાણી ગ્રહણ કર્યું.

છપ્પો.

**માણસ ધારે શું જ, બને છે જગમાં કેવું,**
**સગા રહ્યા છે દુર, થયું અહીં જોવા જેવું;**
**દેવી ભુલી દીન, આવી કયાં અહીં આ પેટી,**
**આવ્યો કયાંથી વર, રહ્યો કન્યાને ભેટી;**
**એમ અનેક તર્ક દોડાવતાં, નીપુણ જણ બુદ્ધી બળે,**
**માણેકસાર શોધી કહે, ભાગ્યજ જેહનું ત્યાં ફળે.**

માણસો પોતાની મેળે ગમે તેવી રીતે વર્તે છે પણ બનવાનું હોય તે અવસ્ય બને છે. ભવિષ્યકાળના નિર્વાહને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે સમુદ્રના કીનારે પડેલા આમળાના ફળ જેવડાં મુક્તાફળો તથા અમૂલ્ય કીંમતના મોતી તથા રત્નાદીક વિગેરેનો સંગ્રહ કરીને દેવીનો ક્રિડા ખેલી આવવાનો સમય જાણીને વસ્ત્રની છેડાછેડી બંધાયેલી છે જેની એવા કુમાર તથા કુમારીએ પેટી પ્રત્યે પેસી પેઠીનું બારણું બંધ કર્યું. થોડી વાર થઈ ત્યાં દેવીએ આવીને પેટીનું દ્વાર બંધ દેખી પુછ્યું કે હે પુત્રી! કેમ તું સુખેથી અંદર બેઠી છે કે? કુંવરીએ હા પાડતાં દેવીએ હમેશની માફક તે પેટીને પોતાના મુખની અંદર રાખી જળને વિષે રહી.

અહીં રાવણે નિમિત્તિયાને કહ્યું કે જો તારૂં વચન મેં ખોટું કર્યું છે અને તે વરકન્યાનું લગ્ન થતું અટકાવ્યું છે. તેની તેણે ખાત્રી કરવા માટે અઢારમા દિવસે દેવીને બોલાવી તેણીના મુખમાંથી પેટી કઢાવી, જોયું તો તે કન્યાએ કંકણ પહેરેલી યોગ્ય રૂપવાળા પોતાના પતી પાસે બેઠેલી જોઇ. તેથી સર્વે આશ્ચર્ય પામી. ગયાં તેથી રાવણે પણ નિશ્ચય કર્યો કે ભવીતવ્યતાને કોઈ અટકાવવા સમર્થવાન નથી અને તેથી તે રાજકુમારને તેના પિતાના ઘેર વિદ્યાધરો સાથે મોકલી આપ્યો. તેથી તેના સગાસંબંધીઓ પણ અતિશય આનંદ પામ્યા.

દોહરો.

**એમ કહી ચુપજ થયો, જ્યારે સાધુ દત્ત;**
**ત્યારે ઉપક્રમ વાદીએ, બોલે બુદ્ધિદત્ત.**

જ્યારે સાધુદત્ત ઉપરની વાત કરતો બંધ થયો ત્યારે બુદ્ધિદત્ત શેઠ કહેવા લાગ્યો કે ભવિતવ્યતામાં ઉદ્યમ કરેલો કામ લાગે છે.

ભુજંગી છંદ.

**મળે છે જુવો લક્ષ્મી ઉદ્યોગીયોને,**
**વિના ઉદ્યમે કેમ નિરભાગીયોને;**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**વિશાળી નસીબો પ્રયત્નો કરોને,**
**સુધારો થવા હોંશ હૈયે ધરોને.**

તેવીજ રીતે વિચાર કરો કે નીરઉદ્યમી થઈ નીર્ભાંગી મનુષ્ય નસીબ પ્રત્યે આધાર રાખી બેસી રહે છે ને ઉદ્યોગી પુરૂષ ઉદ્યમથી લક્ષ્મી જલદી મેળવી શકે છે તો નસીબના આધારનો જે વિચાર તેને વીસારી આંતરીક હ્રદયને વિષે હોંશ ધરી સુધારો કરવા પ્રયત્ન કરો. તેના ઉપર બુદ્ધિદત્ત શેઠ કહે છે કે હે બંધુ ! એક વાત હું કહું તે તું શ્રવણ કર.

ચોપાઈ.

**નામે મથુરા નગરી એક, હરીબળ નામે રાજા દેખ;**
**સુબુદ્ધિ મંત્રી ગુણવાન, બુદ્ધિ સર્વ તણો નીધાન;**
**એક લગ્ને બે પુત્રજ એહ, નૃપ મંત્રી ઘર શોભાવે જેહ;**
**રાજપુત્રનું હરીદત્ત નામ, મંત્રિસાગર મંત્રી સુત નામ.**

મથુરા નામની નગરીને વિષે હરીબળ રાજા રાજ્ય કરતો હતો અને તેને અતી ગુણવાન બુદ્ધિનો નિધાન એવો સુબુદ્ધિ નામે મંત્રી હતો. તે રાજા તથા મંત્રી બન્નેને એકજ સમયે પોતાના ઘરને શોભાવે એવા કુળદીપક પુત્રોની પ્રાપ્તિ થઈ. રાજપુત્રનું નામ હરીદત્ત અને મંત્રી પુત્રનું નામ મંત્રિસાગર તેવી રીતે નામ પાડયાં.

**મંત્રીને ઘેર આવી એક, વ્યંતરી જેવી નારી દેખ;**
**જાગ્યો મંત્રી ત્યાં તતકાળ, અતિ છઠ્ઠી જાગરણનો કાળ.**
**મંત્રીએ તેનો કર ધર્યો, કોણ છે તું એ પ્રશ્નજ કર્યો;**
**વિધિદેવી છે મારૂં નામ, વ્યંતર જાતિમાં ગુણ ધામ.**
**છઠ્ઠી લેખ લખું છું હુંજ, માની લે એ સાચું તુંજ;**
**લખવા પુત્ર બન્નેના લેખ, અહીં આવી તું મુને દેખ.**
**મંત્રી ત્યારે પુછે એહ, શું લખ્યું છે કહોને તેહ;**
**દેવી બોલી સુણ ગુણવાન, રાજપુત્રનું પહેલું જાણ.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મૃગયાથી એ ભરશે પેટ, એક જીવની કરશે ખેટ;
તારો પુત્ર કઠીયારો થશે, ભારો એક નિશ્ચે આણશે.
એવા લખીયા છે મેં લેખ, તેમાં ફેર તું કાંઈ ના દેખ;
કોઈ કહે હું ટાળું તેહ, તોય ન ટળશે નિશ્ચે એહ.
મંત્રી બોલે ત્યારે બોલ, સાંભળી દેવી કરજે તોલ;
ઉદ્યમ તેની વીરૂદ્ધ કરૂં, તુજ પ્રતિજ્ઞા હૈયે ધરૂં.
જો પ્રતિજ્ઞા પડશે ભંગ, તો નહીં રહે તારો તો રંગ;
મનુષ્ય કીડો શું મારૂં કરે, હાંસી કરી દેવી નીકળે.
જ્યારે દેવી દુરજ ગઈ, ચીંતા બહુ મંત્રીને થઈ;
ઈષ્ટદેવનું કરતો ધ્યાન, વિધીવચનમાં થાયજ હાણ.

એક દિવસ મંત્રી રાત્રે જાગતો હતો ત્યારે છોકરાના જન્મની છઠ્ઠી રાત્રી હતી તે વખતે કોઇ વ્યંતરદેવી આવીને જવા લાગી. ત્યારે તે મંત્રીએ તેનો કર ગ્રહીને ઉભી રાખી, અને પ્રશ્ન કર્યો કે તું કોણ છે, અને શા માટે આ સમયે આવી છે? ત્યારે તે દેવીએ કહ્યું કે હું છઠ્ઠીના લેખ લખવાવાળી વિધાત્રા દેવી છું, અને રાજપુત્ર તથા મંત્રીપુત્રના લેખ લખવા સારૂં આવી છું. જ્યારે મંત્રીએ પુછ્યું કે તેં શું લેખ લખ્યા તે કહે? ત્યારે દેવીએ કહ્યું કે રાજપુત્ર પારધીને ત્યાં નોકર રહી એક જીવનો શીકાર કરી પેટ ભરશે અને મંત્રીપુત્ર કઠીઆરાનો ઉધમ કરી રોજ એક લાકડાનો ભારો આણશે. આવી રીતે આ બન્નેના લેખ લખ્યા છે તે કદી પણ મિથ્યા થવાના નથી. મંત્રીએ કહ્યું કે હે દેવી! તું તારી પ્રતિજ્ઞામાં દૃઢ રહેજે નહીં તો હું ઉધમ કરી તને ઝાંખી પાડીશ તો તારી હાંસી થશે. દેવીએ કહ્યું કે ઠીક છે પણ તેણે મનમાં વીચાર્યું કે દેવોની આગળ આ મનુષ્ય કીડો શું કરી શકવાનો છે? એમ કહી તે અંતરધ્યાન થઈ. મંત્રી પણ સુતો સુતો ઈષ્ટદેવનું સ્મરણ કરી દેવીના વિરૂદ્ધ કેમ કરવું તેનો વીચાર કરવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક દિવસે તે રાજાની નજીકના રાજાના સૈન્યે આવી તેની સાથે યુદ્ધ કર્યું. હરીબળે પણ પોતાની શક્તિઅનુસાર ઘણો વખત ભાલા, તલવાર વિગેરે શસ્ત્રોથી યુદ્ધ કરવા છતાં પણ દુર્દૈવયોગ્યે લડાઈમાં પડયો અને નગરને શત્રુઓએ ઘેરી લીધું. જેથી રાજકુમાર હરીદત્ત પોતાના પ્રિય મંત્રીપુત્ર મંત્રી-સાગર સાથે ત્યાંથી છાનામાનો પલાયન કરી જઈ લક્ષ્મીપુર નગરમાં આવ્યો.

દોહરો.

**પારધી ઘેર નોકર રહ્યો, રાજ તણો જે બાળ;**
**એક જીવ નીત્યે હણે, નિરવાહે નીજ કાળ.**

તે રાજપુત્ર પોતાના નિર્વાહ અર્થે તે નગરમાં એક પારધીને ત્યાં નોકર તરીકે રહ્યો હતો. ત્યાં કેટલો સમય વિત્યાબાદ પોતાનું રહેવાનું સ્થાન બનાવી પોતાનું ગુજરાન ચલાવવા અર્થે નિરંતર એક જીવની હત્યા કરે છે.

ચોપાઇ.

**મંત્રીપુત્ર કઠીયારો બન્યો, નિજ નિર્વાહે ભારો ગણ્યો;**
**એવા હાલ બન્નેના થયા, વિધી લેખ નવ ટાળે ટળ્યા.**

મંત્રીપુત્ર પણ પોતાના નિર્વાહ અર્થે પોતે કઠીયારો બની નિરંતર કાષ્ટનો ભારો લાવી આજીવિકા ચલાવવા માંડી. એવીજ રીતે બન્નેના વિચિત્ર હાલ થયા. કારણ કે વિધાત્રાના લેખ નિષ્ફળ થતા નથી.

હવે રાજાનો જે સુબુદ્ધિ નામનો મંત્રી તે પણ પૃથ્વીને વિષે ફરતો ફરતો લક્ષ્મીપુર નગરને વિષે કર્મયોગ્યે આવી પહોંચ્યો. તે સમયે તેણે પોતાના પુત્રને કાષ્ટનો ભારો લઈ આવતો દેખી પુછ્યું કે હે પુત્ર! આ શું? ત્યારે તેણે કહ્યું કે, હે પીતાજી,

**આખો દીન ભટકી મળું, તોય ન પામું અન્ન;**
**ભારો એક નિશ્ચે મળે, અરે હુંજ અધન્ય.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું આખો દિવસ જંગલમાં રખડી મહા મહેનતે એક કાષ્ટનો ભારો મેળવું છું તોપણ મારા ગુજરાન જોગ મળી શકતું નથી તો મારા જેવો નિર્ભાગી કોણ હશે! ત્યારે મંત્રીએ સલાહ આપી કે જ્યારે તને નિરંતર એકજ ભારો મળવાનો વિધાત્રાએ લેખ લખ્યો છે તો તારે હવે વિધાત્રા વિરૂદ્ધ એવી રીતે વર્તવું કે નિરંતર ચંદનના લાકડાનોજ ભારો આણવો, નહીં તો તારે ભુખે મરવું; તેમ કરતાં ગમે તેટલું કષ્ટ પડે તો બીજું લાકડું લેવું નહીં. જો તું આવી રીતે નહિ વર્તે તો તને મારી હત્યાનુ પ્રાયશ્ચિત લાગશે, તેથી મંત્રી પુત્રે પોતાના પીતાની આજ્ઞા સ્વિકારી. અને ત્યાર પછી તે મંત્રી રાજપુત્રને મળ્યો.

દોહરો.

**હસ્તી પાસે આવતો, પકડે તેને તુંજ;**
**હરણાદીક નિશ્ચે નહીં, હીતનું કહું છું હુંજ.**

રાજકુમારની અતિ દુઃખી સ્થિતી દેખીને સમજાવી કહ્યું કે હે રાજકુમાર! તારા હીતની ખાતર કહું છું કે તારે હસ્તી (હાથી) સીવાય હરણાદિક કોઈ પણ પ્રાણી તારા ફાંસામાં સપડાય તોપણ તેને તું ફસાવતો નહિ. તેણે પણ મંત્રીની વાત કબુલ કરી, અર્થાત સ્વીકારી.

ભુજંગી.

**વને વીચરી અન્ય ન કાષ્ટ લાવે,**
**પડે સાંજ તોએ ભુખ્યો એજ રે'વે;**
**તદા દેવીએ થાકીનેજ તેજ આપ્યો,**
**દીધો કોલ તે કેમ જાયે ઉથાપ્યો.**
**ઇહાં ભુપ સુતે ગજે ચીત્ત રાખ્યું,**
**સહી ભુખ ત્યારે સાંજે સુખ ચાખ્યું;**
**કર્યો દેવીએ કોલ તે પુર્ણ પાળ્યો,**
**રૂડો હાથી લાવી તેનો તાપ ટાળ્યો.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે મંત્રીની સલાહથી મંત્રીપુત્ર મંત્રીસાગરે કાષ્ટના ભારાને બદલે ફક્ત ચંદન શોધવા માંડયું અને જ્યારે સાંજ સુધી ના મળે ત્યારે ભુખને સહન કરતો. તેની એવી પ્રતિજ્ઞા જોઈ દેવીએ પોતાનું વચન પાળવા ચંદનને શોધીને આણી આપ્યાં, તેમ રાજપુત્ર જે હરીદત્ત તેને પણ વચન પાળવા માટે હસ્તી આણી આપ્યો; જેથી ટુંક સમયમાં પોતાની પ્રતિજ્ઞાથી બન્ને જણાઓ શ્રીમંત થયા. મંત્રીપુત્રની પાસે એક ક્રોડ સોનૈયાની રિદ્ધિ થઈ, અને રાજપુત્રની પાસે એક હજાર હસ્તીની સાહેબી થઈ, તેના વડે કરીને શત્રુના સૈન્યને પરાજય પમાડી પોતાના પીતાનું રાજ્ય પાછું મેળવ્યું. ત્યાર પછી મંત્રી પુત્ર પોતાનું ધન લઇ મથુરા નગરીમાં રહેવા લાગ્યો. આ પ્રમાણે મંત્રીની સલાહથી રાજપુત્ર તથા પોતાનો પુત્ર સારી સ્થિતીએ પહોંચ્યા, ને વિધીના વચનને મંત્રીએ પોતાની બુદ્ધિચાતુર્યતાથી જેમ અન્યથા કર્યાં તેમ હું પણ મારૂં કાર્ય ફતેહમંદ કરી દેવીના વચનને વ્યર્થ કરીશ.

**उद्योगिनं पुरुषार्सह मुपैति लक्ष्मी.**

જેવી રીતે મંત્રીએ ઉધમથી ફળ મેળવ્યું તેવીજ રીતે હું પણ હે બંધુ! ઉધમથી ફળ મેળવીશ તે તુ જો!

ચોપાઇ.

**બુદ્ધિદત્ત ઘરથી નીકળે, ખર, ઊંટ બળદને ગાડાં લહે;**
**કર્યો સાથનો મોટો મેળ, કંપીલપુર પહોંચ્યો ક્રમેણ.**
**વેપારીનું શોધે ઘર, મળ્યો ત્રિવિક્રમ ત્યાં નરવર;**
**અતિથીનો કરતો સત્કાર, ભલે પધાર્યા વદે ઉદગાર.**
**દર્શનથી થઈ આંખ પવિત્ર, આ આસનપર બેસો મિત્ર;**
**તુમ પગલે ઘર મુજ શો ભાય, જશો નહીં હવે બીજે કયાં.**
**ઘર કુટુંબ આ તારૂં જાણ, રો' અહીં જયાં લગ થાય પ્રયાણ;**
**કીંચીત નવ ઓછું આણશો, જુદાઇ જરા મન ન જાણશો.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે બુદ્ધિદત્ત શેઠ ખર, ઊંટ, બળદ અને ગાડાં વીગેરેનો મોટો જથ્થો મેળવીને ફરતા ફરતા કાંપીલપુર નગરમાં આવ્યો, તે નગરમાં ત્રિવિક્રમ શેઠ નામે એક મોટો વેપારી હતો. તેને ઘેર પોતે ગયો. શેઠે તેને સારો આદર-સત્કાર આપ્યો અને કહ્યું કે, હે મીત્ર ! તમારા આવાગમનથી હું કૃતાર્થ થયો છું અને મારૂં ઘર પણ પવિત્ર થયું છે. તમો મનમાં જરા પણ જુદાઇ ન આણશો અને આ ઘર તથા કુટુંબ તમારૂં ગણીને જ્યાં સુધી અત્રે રહેવા ઇચ્છા હોય ત્યાં સુધી સુખેથી રહો.

**શાર્દુલ વિક્રીડીત છંદ.**

**આવોજી મીત્ર મારા તુમે આંહી, બેસો સુખે આસને;**
**સંતોષી તવ દર્શને કુશળતા, છે કાં દીશો દુર્બલા.**
**કુટુંબે સુખી સર્વ છે કહો વળી, આજ્ઞા શી મુને કરો;**
**એવી જેની પરાણતી અહોનીશ, જાવું નિશ્ચે ત્યાં સદા.**

જેના ઘરની અંદર પ્રવેશ કરતાં "આવો હે મારા વ્હાલા મિત્ર ! તમે આ આસન ઉપર સુખેથી બીરાજો ? તમારા દર્શનથી મને અતિ સંતોષ થયો છે અને આપ સુખવર્તામાં છો ? આપનું શરીર દુર્બલ કેમ દેખાય છે ? કુટુંબમાં સૌ સુખી છે ? તે હે મીત્ર ! સર્વ હકીકત મને જણાવો અને મારા યોગ્ય આજ્ઞા ફરમાવો." આવી રીતે સ્નેહીને જે આદર-સત્કાર કરે છે તેને ત્યાં નિરંતર જવું યોગ્ય છે; પરંતુ સત્કાર વીના જવું અયોગ્ય છે. આવાં શેઠનાં મધુર વચનો સાંભળીને બુદ્ધિદત્તે પોતાનો ઉતારો રાખવા સ્વીકાર્યું. ત્યાર-બાદ પોતાની પાસે વસ્ત્ર રત્નાદિક સર્વ અમૂલ્ય વસ્તુઓ સમયાનુસાર આપીને ત્રિવિક્રમની સ્ત્રી, પુત્ર, નોકર અને ચાકર ઇત્યાદિક સર્વ પરિવારને સંતુષ્ટ કર્યાં; વળી જેને ગર્ભ ધારણ કર્યો છે એવી પુણ્યશ્રી દાસીને વિશેષ પ્રકારે સંતુષ્ટ કરતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતો. આ પ્રમાણે સર્વના ચિત્તને પ્રસન્ન કરી તે શેઠ ચાર માસ સુધી ત્યાં રહ્યો તેથી તે બન્ને શેઠીયાઓ વચ્ચે ગાઢ મૈત્રી ભાવ થયો. વેપારના પદાર્થોની વેચ લે કરી રહ્યા બાદ જ્યારે બુદ્ધિદત્ત પોતાના દેશ જવા તૈયાર થઇ ત્રિવિક્રમ શેઠની આજ્ઞા લેવા ગયો ત્યારે તે સમયે ત્રિવિક્રમ શેઠે કહ્યું કેઃ—

**ન જા કહું અમંગળ થાય, જા કહું સ્નેહ દીન વાણી થાય;**
**રહે કહું તો સ્વસત્તા ગણાય, યથારૂચી સમભાવ જણાય.**
**તેથી તો તમને હવે વીનવું, તુમ કારજ મારે શું કરવું;**
**ગમે તેમ કરી દર્શન દેજો, મારી અરજ આ હૃદયે લેજો.**

**શાર્દુલ વિક્રીડીત છંદ.**

**ચાલો છો તુમ ઘેર તો અહીં થકી, તેથી હવે હું કહું;**
**દેખો છો બહુ સાર વસ્તુ રત્નને, ઘોડાને ગાડી સહું.**
**ચાહે તે ચીજ માગવા મુજ થકી, શંકા નહીં રાખશો;**
**પ્રિતી સ્થીર રહે તુજ મુજ તણી, હોંશે તુમે માગશો.**

બુદ્ધિદત્તને કહ્યું કેઃ—હે મિત્ર ! જો હું તમને ન જાઓ કહું તો અપશુકનનું વાક્ય થાય છે. જા કહું તો સ્નેહનું દીન વચન થાય છે. સ્થીરતા કરો તો મારી સત્તા ચલાવ્યા જેવું થાય છે. ઇચ્છાનુસાર વર્તો તો સમભાવે નિસ્પૃહી યોગી જેવી ઉદાસીનતા થઇ જાય છે. તેથી હું તમને અરજ કરૂં છું કે તમો જે પ્રમાણે વર્તો તે પ્રમાણે હું વર્તું તથા આપ પ્રેમ-પૂર્વક પાછા દર્શન આપજો. જ્યારે હવે તમે જવાનું નક્કી કર્યું છે તો કહું છું કે હે મિત્ર ! મારા ઘરને વિષે રત્નાદિક હાથી, ઘોડા, વિગેરે અમૂલ્ય વસ્તુઓ છે તેમાંથી તમે નિઃસં-શયપણે માગણી કરો કે આપણી પ્રિતી નિરંતર કાયમ રહે.

**બુદ્ધિદત્ત વળતું કહે, કાંઇ કમીના નહી ભ્રાત;**
**ઇચ્છા હોય જો આપની, દો દાસી મુજ સાથ.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**ઘેર શીઘ્ર પહોંચ્યા પછી, પાછી મુકીશ અહીં;**
**રસ્તે સહાય કરતાં થશે, શંકા તેમાં નહીં.**

**ભુજંગી છંદ.**

**બહુ આગ્રહથી માગતો બુદ્ધિદત્ત;**
**દીધું વેણ પાળે ખરે અપ્રમત્ત.**
**અતિ પ્રાણથી વ્હાલી તે દાસી શાણી;**
**તથાપી દીધી સાથ તે સ્નેહે આણી.**

તેવાં સ્નેહનાં વચનો જ્યારે ત્રિવિક્રમ શેઠે બહુ આગ્રહથી કહ્યાં ત્યારે બુદ્ધિદત્તે તે શેઠના પોતાના પ્રાણથી અધીક એવી જે પુણ્યશ્રી દાસી તેણી માગણી કરી, અને કહ્યું કે રસ્તામાં તે મને સહાય કરતા થશે; અને ઘેર પહોંચ્યા પછી તુર્ત આપને મોકલી દઇશ. જ્યારે બુદ્ધિદત્તે બીજું કાંઇ પણ નહિ માગતાં દાસીનેજ માગી. ત્યારે ત્રિવિક્રમને પણ વિચાર થયો કે કેવી રીતે દાસીને આપવી ? મેં પ્રથમ માગવાનું વચન આપેલું અને મિત્રતા પણ ઘણી ગાઢી હતી તેથી અતિ સ્નેહથી તે દાસીને સોંપી.

જોકે ત્રિવિક્રમ શેઠ સરળ બુદ્ધિનો હતો અને તેણે જતી વખતે કહ્યું હતું કે તમે ઘેર પહોંચ્યા પછી તુર્તજ તમારા કહેવા મુજબ દાસીને મોકલજો, છતાં પણ તે બુદ્ધિદત્તના પાપીષ્ટ હૃદયમાં આ લોક કે પરલોકનો સઘળો ડોળ ફક્ત પોતાના સ્વાર્થ માટે વિસારેલો હોવાથી ત્યાંથી રવાના થયો. એણે તે દાસીને પોતાના રથમાં બેસાડી હતી, ને પોતાના કાફલાના માણસોથી છુટો પડી પોતે પોતાનું કલ્યાણ કરવા પછવાડે રહ્યો અને આજુબાજુ માણસ વીનાનું મહા ભયંકર જંગલ જોઇને તે ક્રુર હૃદયના પાપીષ્ટ બુદ્ધિદત્તે પોતાનો સ્વાર્થ સાધવા માટે દાસીને રથમાંથી એકદમ નીચે નાંખી તેના પેટ માંહેના ગર્ભને પગેથી ભેદી નાંખ્યો અને તે દાસીને પણ ગળે ટૂંપો દઈ શ્વાસ રૂંધી મારી નાંખી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છપ્પો.

લોભી ના જાણે ધર્મ, જાણ્યો હોય વીસારે;
વ્હાલું કે પર હોય, હાલ બુરે તે મારે.
ન ગણે અબળા નાર, બાળહત્યા નવ જાણે;
થાય વિશ્વાસે ભંગ, મનમાં તે નવ આણે.
એમ અનેક પાપ કરાવતો, સ્વાર્થ ગુરૂ જગમાં ખરે;
માણેક ધન્ય તે પ્રાણીઓ, સ્વાર્થે ધર્મને વીસરે.
વ્હાલું માન્યુ ધન, દાસીની હત્યા કીધી;
દયા ન આણી દીલ, બાળહત્યા પણ લીધી.
દગો મિત્રને દીધ, જાણે ધન મારૂં બચાવું;
પાપ ન માન્યું કંઈ, કર્યું કર્મ દુષ્ટ આવું.
બુદ્ધિદત્ત એમ બુદ્ધિ તણો, કરે ઉપયોગ કુમાર્ગમાં;
માણેક રંક નવ જાણતો, વીધી જાય કુણ માર્ગમાં.

ભુજંગી છંદ.

પછી આવીને સાર્થને તે કહે છે;
ગઈ દાસી દીશાએ તે ના મળે છે.
ફરી આજુબાજુ બહુ વાર શોધી;
બધે સત્ય માન્યું નથી તે વિરોધી.

લોભી માણસ જેમ પોતાના સ્વાર્થની ખાતર વ્હાલું હોય કે પારકું હોય, સ્ત્રી હોય કે પુત્ર હોય તેને હણતાં પોતે વીચાર કરતો નથી. તેમ બુદ્ધિદત્તે પોતાનો સ્વાર્થ સાધીને દાસી અને પુત્રને મરેલાં જાણી પોતાનું ઇચ્છીત થયેલું તથા વીધીએ કહેલું કાર્ય ખોટું થયેલું માની અતિ હર્ષભેર ત્વરાથી રથને દોડાવી પોતાના માણસોને મળ્યો અને પોતાના સોબતીઆઓને કહ્યું કે દાસી ઝાડેફરવા ગઇ હતી, તેની રાહ જોઈ રોકાયો હતો, પણ તે પાછી નહીં આવવાથી તેની આજુબાજુ ઘણી શોધ કરી, છતાં પત્તો નહિ મળવાથી હું પાછો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવ્યો છું. એવી બુદ્ધિદત્તની વાત તેના સોબતીઓએ સત્ય માની. આ પ્રમાણે કુકૃત્ય કર્મ કરનાર બુદ્ધિદત્તે સર્વે લોકોને ખોટા જવાબ આપી સમજાવ્યા. વળી તેનો મિત્ર જે ત્રિવિક્રમ શેઠ તેને પણ તદ્દન ખોટા સમાચાર દીલગી-રીથી પત્રદ્વારાએ લખી જણાવ્યા.

દોહરો.

**બુદ્ધિદત્ત ઘેર આવતાં, પુત્રી પ્રસવે નાર,**
**કૌતુકદેવી કુખથી, ત્રીલોત્તમા સુખકાર.**

હવે બુદ્ધિદત્ત કે જે આ વાર્તાનો નાયક પોતાનું ઇચ્છિત કાર્ય પાર પડેલું જાણી મનમાં અતિ હર્ખાતો પોતાના ઘેર આવ્યો. ત્યારે તેની સ્ત્રી કૌતુકદેવીએ ત્રીલોત્તમા નામની ઉત્તમ ગુણવાળી એક પુત્રીનો જન્મ આપ્યો.

હવે દાસીને રસ્તામાં એટલે જંગલમાં એમને એમ મુકીને તે બુદ્ધિદત્ત ત્યાંથી વીદાય થઇ ગયો. તે મરેલી હતી છતાં પણ તેનો ગર્ભ જીવતોજ નીકળી પડેલો હતો ને તેના પુન્યના લીધે બુદ્ધિદત્ત વધારે વખત રોકાયો નહોતો. જો દાસીને દાટી દેવા માટે જરાવાર ત્યાં રોકાયો હોત તો ગર્ભ પણ તેના હાથમાં આવી ક્યારનોએ જમના દ્વારમાં પહોંચ્યો હોત પણ પુન્ય બળથી તે તરફડતો બચ્યો હતો.

છપ્પો.

**ગળુ દાબશે કોઇ, લાતથી કોઈ મારે,**
**કરે શસ્ત્રનો ઘાત, વળી કોઇ દંડ પ્રહારે;**
**મારે મુક્કીથી કોઈ, કદી ફેંકે ઉપરથી,**
**ઉડાડે આકાશમાં, મારે માતા ઉદરથી.**
**વળી છૂપાં વિષ દે કોઇ તો, સ્વાર્થ પોતાનો સાધવા;**
**માણેક પુન્ય છે જ્યાં સુધી, ફોગટ સઘળા જાણવા.**

આ પ્રમાણે તે છોકરાને મારવાને માટે તેની માતાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ મારી નાંખી. પણ તે છોકરો પોતાના પુન્યથી બચ્યો હતો.

**ઉજ્જયિની વાસી તીહાં, વૃદ્ધા દાસી કોઈ,**
**દીઠો બાળક મારગે, રહ્યો હતો જે રોઈ;**
**સખીઓ સાથે જે હતી, તેને કહે છે તે,**
**મારી માતા એહની, જગમાં નરધીક એહ.**
**આભૂષણ લીધાં નહી, તેથી નહીં એ ચોર,**
**સ્વાર્થ પોતાનો સાધવા, કીધું કર્મ કઠોર;**
**માત વીનાનું બાળ આ, તાત વીનાનો રંક,**
**રક્ષણ તેને આપીને, ધોવું મારો પંક.**

તેવામાં તે ગામની સમીપમાંથી એટલે ઉજ્જયિની નગરીથી કોઇ એક વૃદ્ધા દાસી ગામ જવાને પોતાના પરીવાર સહીત જતી હતી. તેવામાં ત્યાં આવતાં તેણે એકદમ આવા અતિશય ખેદવાળા બનેલા કાર્યને જોઇને આ બાળકને માર્ગમાં માતા વિનાનો રડતો જોઇ પોતાની સાથે દાસીઓ હતી તે પ્રત્યે કહેવા લાગી કે દુનિયામાં આ પુત્રની માતાને જેને મારી છે તેને આ કીમતી આભૂષણો લેવાને માટે નહી પરંતુ પોતાનું અતિ નીંદનીય કર્મ ને ક્રુર હૃદયથી પોતાનો નીચ સ્વાર્થ સાધવા કાર્ય કરેલ જણાય છે માટે એ મા વિનાના બાળક અને પિતા વીનાના ગરીબડા પુત્રનું હું રક્ષણ કરીશ.

ભુજંગી છંદ.

**લીધાં આભુષણો દાસીના અંગમાંથી,**
**રૂડાં વસ્ત્રમાં તેહને લીધી બાંધી;**
**વળી બાલને કેડમાં રાખી લીધો,**
**જઇ ગામમાં રાજને ભેદ દીધો.**

તેવી રીતે કહી દાસીના અંગમાંથી આભૂષણો લઇ એક વસ્ત્રમાં બાંધીને પાસે રાખ્યાં તથા પુત્રને કેડમાં બેસારીને સખીયો સાથે ઉજ્જયિની નગરને વિષે આવી જોયેલી સઘળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હકીકત રાજાને વીદીત કરી તેથી રાજાએ તે દાસીને અગ્નિ-સંસ્કાર કરવા હુકમ આપ્યો તથા એ વૃદ્ધાને તે પુત્રનું લાલનપાલન (રક્ષણ) કરવા સોંપ્યો અને તે પુત્રનું શુભ મુહુર્તમાં ચંપક એવું નામ આપ્યું.

**ભણ્યો શાળામાં તે બહુ બુદ્ધિશાળી,**
**કળા બહોતરી લોક જોતાં નીહાળી.**
**રહે સર્વ પહેલો ધરે દ્વેષ બાળો;**
**થતાં કલેશ ભાષે નબાપો નમાલો.**

યુવાવસ્થામાં આવતાં રાજાએ શાળામાં ભણવાને માટે મોકલ્યો અને પોતે ભણતાં ભણતાં બહોતર કળાએ યુક્ત થયેલો હોવાથી લોકો તેને નીહાળીને જોતાં હતાં. વળી નિશાળમાં બીજા બાળકોથી તે પહેલે નંબરે રહેતો હોવાથી પોતાની હલકાઈ થતી જોઇને તે બાળકોએ તેને દુર કરવાનો વીચાર કરીને તેની સાથે કલેશ કરતાં અને કહેતાં કે અરે! તું તો નબાપો (બાપ વીનાનો) ને નિર્માલ્ય પુત્ર છે માટે તારી સાથે અમારે બોલવું પણ ઉચીત નથી.

દોહરા.

**વૃદ્ધાને આવી કહે, બાળક ચંપક ઘેર,**
**પીતાનું મુજ નામ દે, બોલે ઠીકકે ચહેર;**
**પહેલેથી માંડી પછી, માતા કહે વૃત્તાંત,**
**હોંશ ધરીને સાંભળે, ચંપક થઈ નિભ્રાંત.**
**શાંતિ થઈ ગઇ ચિત્તમાં, મુકી દીધી નિશાળ,**
**વેપારે યુવક તે ચડયો, ગુણમાં જેહ વિશાળ;**
**જુજ દીવસમાં મેળવી, મોહરો ચૌદજ કોડ,**
**વેપારી મીત્રો થયા, ગુણે પુર્યા કોડ.**

ઇત્યાદિક આવા કલેશવાળા તે વિદ્યાર્થીઓએ કહેલા શબ્દો શ્રવણ કરી એકદમ ગૃહને વિષે આવી પોતાની વૃદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

3548
૭/૭/૯૧

માતાને કહ્યું કે, હે માતા ! મારા પીતાનું શું નામ છે ? ત્યારે તેની માતાએ દીલગીરીથી સર્વ હકીકત કહી સંભળાવી. એથી યુવક પુત્ર ચંપકે પોતાનો વિદ્યાભ્યાસ છોડી દીધો અને રાજાની આજ્ઞાથી ક્રયવિક્રય કરતાં થોડાક દિવસમાં વેપારમાં નિપુણ થયો અને પોતાની હોંશિયારીથી ચૌદ કોટી સુવર્ણનો માલીક થયો, તથા ઉત્તમ ગુણોથી સર્વે વેપારીઓને રંજીત કરી તેઓની સાથે ગાઢી મિત્રતા થઈ.

એક દિવસે તેના કોઇ એક મિત્રના પુત્રની જાન જવાની હોવાથી તેમાં ચંપક શેઠને પણ આમંત્રણ કરી સાથે લીધા હતા. જ્યાં સર્વે પહોંચ્યા પછી કન્યાના બાપે તેના મિત્ર બુદ્ધિદત્તને પણ આમંત્રણ કર્યું હતું. ત્યાં બન્ને જણા ભેગા થયા.

દોહરા.

ચંપક જ્યારે નીરખે, બુદ્ધિદત્ત નિપુણ;
રૂપેથી રંજીત થઇ, પુછે આ છે કોણ.
ઓળખ ના મળી પુરતી, જ્યાં લગી ચિંતવે શેઠ;
પુત્રી મારી પરણાવીને, કરૂં સર્વને હેઠ.
ઉલ્લાસે એકાંતમાં, પુછે નીજ અધિકાર;
ભોળપણે ચંપક કહે, નહિ જરા ફેરફાર.

ભુજંગી છંદ.

બધો સાંભળ્યો તે અધિકાર જ્યારે,
બળે ચિત્તમાં શેઠજી પુર્ણ ત્યારે;
અરે મુર્ખ હું તો ખરે ભુલ કીધી,
બની વાત તે દેવીએ હાથ લીધી.

દોહરો.

ઉદરને વિદારીને, બહાર કાઢીને બાળ;
હણ્યો હોત જો તેહને, જીવ જાત તતકાળ.
હજુ ભુલ સુધારવા, છેજ હાથ ઉપાય;
પુર્ણ ઝાડ મોટું થતાં, વાળ્યું નહિ વળાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**જન્મારે શું દોષ છે, હણી તેહની માત;**
**કાદવમાં કાદવ મળે, એવી એની વાત.**

જ્યારે બુદ્ધિદત્તે ચંપકને જોયો ત્યારે તેનું અતિ તેજસ્વી રૂપ જોઈ તેના ઉપર અતી ખુશી થયો, પરંતુ બુદ્ધિદત્ત તેને ઓળખતો ન હોવાથી તેના મન સાથે વિચાર કર્યો કે મારી પુત્રીને આ કુંવરની સાથે પરણાવીને અતિ આનંદ માનું. જેથી ચંપકને એકાંતમાં બોલાવીને સર્વે હકીકત પુછી તેથી ચંપકે ભોળપણથી બનેલી સઘળી હકીકત જણાવી. વાત સાંભળતાંની સાથે શેઠે વીચાર્યું કે અરે મારા જેવો મુર્ખ કોઇ હશે કે જે મેં હાથે કરીને ભુલ કરી! તેની માતાનું ઉદર ચીરીને આને બહાર કાઢીને હણ્યો હોત તો કેવું સારૂં! હજુ સુધી મારી ભુલ સુધારવા માટે ઉપાય છે. જેવી રીતે મોટું ઝાડ થતાં વાળ્યું વળતું નથી તેવી રીતે આની મોટી ઉમ્મર થતાં મારાથી હણાશે નહિ તો આ માણસને મારવામાં શું દોષ છે માટે તેનો ઉપાય કરૂં.

છપ્પો.

**પાપીને દીલ પાપ, ધર્મ તેને નવ હોવે;**
**બુદ્ધિબળ વીચાર, મળ્યાં તે ફોગટ ખોવે.**
**માને મારૂં એહ, રાખવા ઇચ્છે તેને;**
**બળતો થાતાં હાલ, કહે દુઃખ તે કેને.**
**આ તનધન યોવન વસ્તુઓ, મૂકીને સઘળું જવું;**
**માણેક દેખે તે સાંભળે, તોપણ કયાં છે માનવું.**
**દેવી કહેતી સત્ય, તોપણ સત્ય ન માને;**
**બુદ્ધિનો ઉપયોગ, કરે હત્યાના સ્થાને.**
**માર્યાં મનથી એજ, છતાં બાળક તે બચીયો;**
**થયો ન હજી સંતોષ, મોહમાં રહ્યો છે મચીયો.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**બુદ્ધિદત્ત મારવા બાળને, હજુ પ્રપંચ કેવો રચે;**
**માણેક સજ્જનપણે વાંચ, પુણ્યે બાળ કેવો બચે.**

બુદ્ધિદત્તે કપટથી તેને મારવાનો વીચાર કરીને કહ્યું કે હે વત્સ! તું થોડા દિવસ મારી પાસે રહે તો હું તને વેપારથી કરોડો સુવર્ણ મહોરો પ્રાપ્ત કરાવીશ અને ત્યાર બાદ સુખેથી તું તારા દેશમાં જજે. કારણ કે ચંપાનગરીમાં મજીઠ વીગેરે વસ્તુઓ પાકવાથી સસ્તી મળે છે, અને અહિં તેનો પાક ન હોવાથી મોંઘી વેચાય છે માટે ત્યાંથી લાવીને તું અહીં વેચ કે જેથી તને ઘણો લાભ થશે. અને ત્યાં મારો લઘુભાઈ છે તેના ઉપર હું પત્ર લખી આપું છું તે તને સર્વે વસ્તુઓ અપાવશે જેથી કરી એકજ ખેપમાં સુવર્ણકોટી નફો મળશે. તેમાં અડધો હીસ્સો તારો અને અડધો મારો રાખજે. વળી આપણા બન્નેમાંથી કોઇએ પ્રપંચ કરવો નહિ, તેમ તારે આ સંબંધી કોઇને વાત પણ કરવી નહીં. જો હું ત્યાં લેવા જાઉં તો લગ્નના કાર્ય પ્રસંગે સગાસંબંધીઓને ઈતરાજી થાય માટે તું આ કાર્ય કર. આવી રીતે બન્ને જણાઓએ તે વાત અરસપરસ કબુલ કરી, જેથી ભોળો ચંપક મનમાં મલકાવા લાગ્યો.

છપ્પો.

**વેપારીને ચિત્ત લોભનો, થોભજ દુરે,**
**રાતદીન વેપાર લાભની, વાતજ ઉરે;**
**ન ગણે ભૂખનું દુઃખ, તાપને ટાઢજ વેઠે,**
**ન ગણે માન અપમાન, લાજને મુકે હેઠે;**
**દેશ પરદેશ એ ભટકતા, હાલ બુરે કોઇ મુઆ;**
**માણેક ધન્ય નામ તેહ છે, સમજી સંતોષી હુવા.**

વેપારીઓને કદી તૃષ્ણા મટતીજ નથી. તેઓ હૃદયને વિષે રાતદીન પુદ્ગલાદિક સુખ, દુઃખ, તાપ, ટાઢ, માન, અપમાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિગેરે કષ્ટ પણ સહન કરે છે. અને દેશ પરદેશમાં હોય ત્યાં દુઃખ પણ ગણતા નથી. એવા તૃષ્ણાવાળા મનુષ્યો ઘણી ખરાબ હાલતથી મુઆ છે. પણ સંતોષ રાખી જે વેપારાદિ કરે છે તે મનુષ્યો ઘણા સુખી થાય છે.

બુદ્ધિદત્તે પોતાના ભાઈ ઉપર પત્ર લખી આપ્યો અને ચંપકને રવાના કર્યો. તેમાં લખ્યું હતું કેઃ—

દોહરો.

**વૈરી એ છે માહરો, બોલે કડવાં વેણ:**
**સભા માંહી વગોવીઓ, નથી પડતું મને ચેન.**
**માટે તુંજ ભણી મોકલ્યો, કરીને કોઇ ઉપાય;**
**આવે તેને નાંખજે, અંધ કુવાની માંહ્ય.**
**કરી કાર્ય આવું પછી, ખબર આપજે ભ્રાત;**
**ઓળખ સાથે આપજે, કરી તેની ઘાત.**
**સરનામું ચોખું લખી, આપ્યો પત્રજ હાથ;**
**હોંશે ત્યાંથી નીકળ્યો, નથી કોઇ સંગાથ.**

ભોળો ચંપક પચાસલાખ સુવર્ણ મોહોરો પ્રાપ્ત થવાની હોંશથી ત્વરાથી નીકળ્યો, અને ચંપાનગરીમાં બુદ્ધિદત્તના ઘેર આવ્યો. તે વખતે બુદ્ધિદત્તના ઘરનાં બધાં માણસો પોતપોતાના કામ અર્થે બહાર ગયાં હતાં. બુદ્ધિદત્તની સ્ત્રી કૈતકદેવી પણ તેના સગાસંબંધીઓને ત્યાં ગઇ હતી અને તેનો લઘુ બંધુ સાધુદત્ત પણ ચૌટામાં ઉઘરાણી ગયો હતો. તેથી કોઇ પણ માણસ ઘર આગળ જોવામાં આવ્યું નહીં પણ ત્યાં આગળ યૌવન વયની એક કન્યાને ક્રીડા કરતી ચંપકે દીઠી. તેથી તેના હાથમાં પેલો પત્ર આપ્યો. કન્યાએ પણ તે પત્ર લઇને અશ્વશાળાના એક ભાગમાં લટકાવ્યો અને આવેલા અતિથીને વિનયથી દીવાનખાનામાં બેસાડયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દોહરો.

**દીઠું નહીં કોઇ ત્યાં કને, મનમાં થયો ઉત્સાહ;**
**કન્યાએ કાગળ ફોડીને, વાંચ્યો ધરીને ચાહ. ૧**
**પ્રથમ અતિ ઉમેદ જે, કાગળ વાંચે દૂર;**
**ધિક્ક નિર્ભાગી પીતા તને, કર્મ લખ્યું છે કૂર. ૨**
**દેવાંશી કુમારને, હુંજ બચાવું આજ;**
**તો મારો સ્વામી થશે, રહેશે સૌની લાજ. ૩**
**એમ વિચારી પત્રને, કન્યા કરે ફેરફાર;**
**દેજો ભ્રાતા બાળકી, જરા હોય નહિ વાર. ૪**
**કન્યા પણ ચાલાક તે, અક્ષર જેવા તાત;**
**લખીઆ સાથ મુદ્રા કરી, આપે માતા હાથ. ૫**
**સાંજે આવ્યો ઘેર જ્યાં, સાધુદત્ત સુખકાર;**
**ચંપક તે સમયે કહે, પત્ર તણો અધિકાર. ૬**
**ભાભીએ અર્પણ કર્યો, વાંચે ધરીને ચાહ;**
**સઘળાંને સંભળાવતાં, થયો અતિ ઉત્સાહ. ૭**
**વાળુ સૌ સાથે કરે, જાણી જમાઇ આપ;**
**માન પાન દેઇ બહુ, દૂર કરે સંતાપ. ૮**

તેવામાં કન્યાએ તે પત્રને વાંચવાની ઇચ્છાથી એકાંતમાં જઇ વાંચવા માંડયો. વાંચતાં વાંચતાં તે એકદમ શોકાતુર બની ગઇ. અને મનમાં વિચાર કરવા લાગી કે કૂર કૃત્યના કરનાર મારા પિતાના લખાણથી આ દેવાંશી જેવા કુમારની હત્યા થતી હું બચાવું તો તે મારો ભર્તાર થશે. તેવો શુભ વિચાર મનમાં આવવાથી તેણે તેના પીતાના જેવા અક્ષર લખ્યા અને તેમાં લખ્યું કે "હે ભાઇ! આ પત્ર લાવનાર પુરૂષ સાથે આપણી કન્યા ત્રીલોત્તમાનાં લગ્ન તુર્ત કરજે. ઈત્યાદી પત્રમાં લખી પોતાની માતાના હાથમાં આપ્યો. સંધ્યાકાળે સાધુદત્ત શેઠ જ્યારે ઘેર આવ્યા ત્યારે કન્યાની માતાએ તે પત્ર આપ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી ચંપકને પુછવાથી બનેલી સવીસ્તર હકીકત કહી સંભળાવી. સાધુદત્તે પત્ર વાંચીને પોતાનો જમાત્ર જાણી અતિ ઉત્સાહથી બન્ને જણા સાથે જમવા બેઠા. પ્રભાત થયા બાદ સાધુદત્તે દેવાંશી જેવા કુમાર સાથે તે કન્યાનું લગ્ન કરવા દ્રઢ નિશ્ચય કર્યો. લગ્નની ગોઠવણ થવા જેટલો સમય નહોતો પણ ભાઇએ તાકીદ જણાવ્યાથી તેણે સઘળા સગાંસંબંધીઓને બોલાવી રાત્રિને વીષે દરેક પ્રકારની સામગ્રી તૈયાર કરવા લાગ્યાં.

ભુજંગી છંદ.

**સગાં મિત્ર ને નાતીને જાતી તેડી,**
**બહુ દ્રવ્ય ખર્ચી નાંખ્યાં દુઃખ ફેડી;**
**રૂડાં ગીતને ગાયે ત્યાં સુંદરીઓ,**
**વદે લોક કન્યા ભલે એહ વરીયો.**
**રૂડો ઠાઠ ત્યાં રાતમાં ખુબ જામ્યો,**
**સુણી વાજાંને સોખીનો કલેશ વામ્યો;**
**થયું સ્વર્ગ તુલ્યે આહીં ભૂમી ભાગે,**
**મળયાં દેવદેવી એવું ત્યાંય લાગે.**
**પડી અન્ય ગામે ખબર એહ જ્યારે,**
**હજારો સગા ભેટણું લાવે ત્યારે;**
**બીજી બાજુ ત્યાં લોકને દાન આપે,**
**દીનો દાન લેઈ દુઃખો દૂર કાપે.**

લગ્નની ધામધુમમાં હજારો મનુષ્યો ભરાવા માંડયાં. અહીં એક બાજુ સગાસંબંધીઓ તથા હજારો માણસો ભેટ આપવા આવતાં ત્યારે બીજી બાજુ ગરીબોને દાન અપાતું હતું. તેવી ખબર જ્યારે હજારો ગરીબ મનુષ્યોને મળવા લાગી ત્યારે તે દાન લેવા દોડાદોડ કરવા લાગ્યાં. તેથી જ્યાં ત્યાં લગ્નની વાત સીવાય બીજું કાંઈ પણ સાંભળવામાં આવતું નહોતું. અહીં બુદ્ધિદત્ત પોતાના સગાને ત્યાં બેઠો બેઠો વીચાર કરતો હતો કે ગઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાત્રિએ મારૂં મન ધાર્યું કાર્ય સીદ્ધ થઈ ગયું હશે ને તેની ખબર લઈ કોઇ માણસ હમણાં આવશે. એવી રીતે ચંપકના મરણની ખબર લાવનારની રાહ જોતાં ભાગ્યયોગે ત્યાં એક પુરૂષને ચંપાનગરીથી આવતો જોયો. તેથી બુદ્ધિદત્તે તેને ઉલટભેર પુછ્યું કે હે ભાઈ! તને આટલો બધો હર્ષ થવાનું શું કારણ છે ! તે તું મને જલદી જણાવ. હવે તે પુરૂષે શેઠને નહીં ઓળખવાથી પ્રાણી ગ્રહણાદિ સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો.

દોહરો.

**નહીં ઓળખી શેઠને, સાચી કહી ત્યાં વાત;**
**ચંપાનગરીમાં થયું, લગ્ન એક ગઇ રાત.**
**દીધું દાન ત્યાં એટલું, દારીદ્ર થયું દુર;**
**જય બોલે ચંપકની, ઉલટ સૌને ઉર.**
**બુદ્ધિદત્તની બાળકી, પરણાવે નિજ ભ્રાત;**
**જોડું સરખું જાણીને, ગુણ ગાવે સૌ સાથ.**

તેવી રીતનાં તે પુરૂષનાં વચનો સાંભળીને બુદ્ધિદત્તને અતીશય દુઃખ થયું તથા તેને શૂળનો રોગ ઉત્પન્ન થયો અને ચેન ન પડતાં ત્યાં બેઠેલા સ્નેહીઓથી જુદો પડીને તુર્તજ તે ચંપાનગરીને વિશે આવ્યો. પોતાના ઘર પાસે હજારો મનુષ્યોને વિવિધ પ્રકારનાં ભોજન જમતાં દેખીને તેને (બુદ્ધિદત્તને) ક્રોધ ઉત્પન્ન થયો અને શું કરવું તે પણ ભુલી ગયો. તે વખતે તેના લઘુ ભાઈ સાધુદત્તને ખબર મળવાથી વધામણી ખાવા આવ્યો. તેણે વિનયપૂર્વક મસ્તક નમાવીને સર્વ હકીકત જણાવી પરંતુ બુદ્ધિદત્તને ખરી વાત ન સમજાયાથી ક્રોધને દબાવી દીધો અને મોંઢેથી મીઠાશના શબ્દો કહી સર્વના દેખતાં તેની પ્રશંસા કરી.

છપ્પો.

**ઈચ્છા કરતાં કાંઇ, થાય છે બીજું જયારે,**
**માણસ મન ગુમાન, રહે છે દૂરજ ત્યારે;**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**લાવે દીનતા અંગ, સમય સંભાળી રાખે,**
**સંતોષી સૌ જન, દુઃખ પણ કયાં જઇ ભાખે.**
**એમ અનેક કાળ દુઃખી થતો, લોભે મોહે પ્રાણીઓ,**
**માણેક સૌ તેનું વ્યર્થ છે, જો પરમારથ ન જાણીઓ.**
**પડતાં આડો દાવ, પાપ પોતાનું માને,**
**બુદ્ધિનો ઉપયોગ, કરે છે શુભજ સ્થાને.**
**દે સુપાત્રે દાન, દેવની સેવા કરતાં,**
**દીનનું ટાળે દુઃખ, અંગ ધરે કોમળતા;**
**સજજન એમ શાને સમજતાં, કરે અકાર્ય દૂર તો,**
**માણેક આવી બન્યું જેહનું, શુભ કેમ આવે ઉર તો.**

વડા ભાઇએ તેની પ્રશંસા કરી પણ તેના હૃદયમાં તો દાવાનળ સળગી રહ્યો હતો; છતાં લગ્નનો મહોત્સવ સારી રીતે ઉજવ્યો અને લગ્નનું કાર્ય સઘળું સંપુર્ણ થયા પછી સર્વ સગાંસંબંધીઓ પોતપોતાને ઘેર ગયાં. ત્યાર પછી બુદ્ધિદત્તે એકાંતમાં સાધુદત્તને બોલાવીને કહ્યું કે આવું અઘટીત કાર્ય કરતાં તેં કોઈ પણ બાબતનો વીચાર કેમ ના કર્યો? જેથી સાધુદત્ત આશ્ચર્ય પામ્યો અને તેનો આવેલો પત્ર આપીને કહ્યું કે આપના લખવા મુજબ મેં કર્યું છે તેથી બુદ્ધિદત્તે તે પત્ર વાંચીને પોતાના પુર્વનાં અશુભ કર્મનો ઉદય થયેલો જાણી તેને નીંદવા લાગ્યો.

દોહરો.

**કરવા જાતાં કાંઈ તો, થયું બીજું તો આંહીં;**
**દેવો દોષજ કર્મને, બીજો દોષજ નહીં.**

તે પોતાના મન સાથે પસ્તાવા લાગ્યો કે જે કાર્ય કરવા મારી મનોવાંચ્છના હતી તે કાર્ય ન થતાં ઉલટું થયું તે મારા ભાવીનો દોષ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છપ્પો.

ઉતમ તેનું નામ, કાર્ય વીચારી કરશે,
મધ્યમ માને શીખ, પાપથી સાથે ડરશે;
ધોકા ખાય અધમ, દૂષ્ટ કૃત્યોને ત્યાગે,
અધમા ધર્મે નીત્ય, કુબુદ્ધી કામે લાગે,
જો શીખામણ દે તેને કદી, હૈયે તે નવ આણશે;
માણેક માને કદી શીખતો, દુર્ગતી કેમ એ જશે.
બુદ્ધિદત્ત લખતો લેખ, ભાઇ ચંપકને મારે,
બળીયું તેનું પુણ્ય, કન્યા આવી ઉગારે;
બદલ્યો સાથે લેખ, કાકાને રૂચ્યો એતો.
કીધો સગા મેળાવ, તુર્ત વળાવે તેતો,
બંધુ મારો તે મારીને, ખબર સવારે આપશે;
બુદ્ધિદત્ત ધાર્યું ના થયું, તોપણ પાપ ન ત્યાગશે.

ઉત્તમ મનુષ્યો જે કાર્ય કરે છે તે પૂર્ણ વિચાર કરીને કરે છે ને મધ્યમ મનુષ્યો પાપથી ડરીને તથા ગુરૂની આજ્ઞા માની તે પ્રમાણે વર્તે છે અને જે અધમ મનુષ્યો હોય તે બુદ્ધિદત્ત શેઠની માફક દુર્બુદ્ધિનો ત્યાગ કરે નહિ અને તેને સારી શિખામણ આપતાં પણ હૃદયમાં ન લાવે તો તે અવશ્ય દુઃખ પામીને દુર્ગતીમાં જાય.

વાંચનાર બંધુ! બુદ્ધિદત્તે બનતો ઉપાય કરી ચંપકને દેહ ત્યાગ કરાવવા પત્ર લખી મોકલ્યો, પણ ભાવી બળવાન હોવાથી તેનીજ પુત્રિએ લેખ ફેરવી નાંખ્યો કે જેથી તેના બંધુને વાંચતાં અતી આનંદ થયો અને તે સાથે તુરત લગ્નની તૈયારી કરી. અને ક્રુર હૃદયવાળો જે બુદ્ધિદત્ત પોતાના મનમાં ધારતો હતો કે મારૂં ઇચ્છીત કાર્ય થયાના સમાચાર બંધુ તરફથી મળશે. પરંતુ દૈવ આગળ કોઇનો ઉપાય નથી તેથી બુદ્ધિદત્તનું ધાર્યું ન થયું; છતાં હજી પણ તે પોતાના દુષ્ટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિચારને નહીં ફેરવતાં તેને મારવાનો વિચાર કરે છે. વળી ચંપકના જે મિત્રો લગ્નમાં આવેલા હતા તેમણે આ વધામણી વિશાળા નગરીમાં તેની વૃદ્ધ માતાને પહોંચાડી તેથી નગરીને વિષે સર્વેને આનંદ વ્યાપી રહ્યો.

છપ્પો.

**દૂરે હોય સુગંધ, તોપણ હર્ષ ચીત્ત વ્યાપે,**
**પાસે રહ્યો કુવાસ, કંટાળો જનને આપે;**
**દૂરે હોય સુપુત, જનની તેની જશ પામે,**
**પાસે રહ્યો કુપુત, માવડી કીર્તી વામે.**
**ચંપક જોકે દૂર રહ્યો, માતા હર્ષ ન માય છે;**
**માણેક ધન્ય તે જગનરા, દેખી જન હરખાય છે.**

જેમ સૌગંધાદિ પદાર્થ છેટે હોય તોપણ તેની સારી સુગંધ આવવાથી આનંદ આપે છે, તેમ દારૂ આદિ દુર્ગંધ પદાર્થ નજીક હોય તે ઉત્તમ મનુષ્યોને કંટાળો આપો છો. તેવીજ રીતે સુપુત્ર દૂર હોય તોપણ તેનાં માતા પીતાદિ કીર્તિને પામનારાં થાય છે, અને કુપુત્ર પાસે હોય તોય માતાપીતાદિને હાની પહોંચાડનારો નીવડે છે. દાખલા તરીકે જેમ વિશાળા નગરીમાં ચંપકની માતા હતી અને તે દૂર હતો તોપણ તેની વૃદ્ધમાતાદિ સર્વ સ્નેહિઓને આનંદ આપનારો થયો.

દોહરો.

**ચંપક સાસરે રાખીયો, દીલમાં ચિંતે કાળ;**
**ઉપરથી મીઠું વદે, શોધે તેવો કાળ.**

હવે લગ્ન પછી જમાઇને તુર્ત કન્યા સાથે વિદાય કરવાનો રીવાજ હોવા છતાં તેને મારવાના ઇરાદાથી મીઠા શબ્દો બોલીને તેની મનોવાંચ્છના પૂર્ણ કરવાને માટે તેને ત્યાં રાખ્યો.

એક વખતે શિયાળામાં ત્રિલોત્તમા મધ્ય રાત્રે ત્રીજે માળથી નીચે ઉતરતી હતી. તેવામાં બીજા ખંડના એક ભાગમાં ધીમે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધીમે થતી વાત કર્ણગોચર થઇ. આ અવાજ પોતાના પિતાનો છે એમ જાણી આતુરતાથી તે વાત આશ્ચર્યપૂર્વક સાંભળવા લાગી. તે સમયે બુદ્ધિદત્ત પોતાની પ્રિયાને કહે છે કે હે પ્રિયે, અર્થનો અનર્થ થઇ ગયો! શું લખ્યું હતું અને શું થયું!! એ સઘળો વિધાત્રાનોજ દોષ છે પણ આ અશુદ્ધ કુળમાં જન્મેલો જમાઇ ધીમે ધીમે આપણા ઘરનો સ્વામી થશે. વળી તે મારો કટ્ટો વૈરી છે. તેથી તેને કોઇ પણ રીતે તારે ખાવા પીવામાં ઝેર આપી દેવું, એમાં દીકરીના રંડાપાનો કે મરવાનો ભય પણ રાખવો નહિ; કારણ કે પુત્રીઓથી કોઇનો વંશ રહ્યો નથી અને રહેવાનો પણ નથી. માટે કોઇપિણ રીતે તેને મારી નાખવો જોઇએ. કૌતક-દેવીએ પોતાના પતીનું વચન સ્વિકાર્યું; માતાપીતા બન્નેએ પોતાના પતીને મારવાનો દૃઢ વિચાર કર્યો અને પોતાનું અહીત થવાનો ડર પણ રાખ્યો નહિ. તેવું સાંભળી તેના મનમાં જેમ વજ્રનો ઘા વાગે અને દુઃખ થાય તેમ દુઃખી થવાથી દીર્ઘ નીશ્વાસ નાંખતી મેડા ઉપર ચાલી ગઈ.

ભુજંગી છંદ.

કદી જો કહું નાથને સત્ય વાત,
કરે સ્વામી રીશે મુજ તાત ઘાત;
નહીં જો કહું તો પછી સ્વામી ઘાત,
અરે દૈવ લાવી મુકી કેવી વાત.

દોહરા.

પ્રબળ પુન્ય પ્રભાવથી, ઉત્પન્ન થઇ અક્કલ;
વીચારી નારી વદે, સ્વામી હે સાંભળ.
નિમિત્ત બળથી જાણીને, મારે તારી ઘાત;
વ્હાલા વિનયે વિનવું, સાથી રાખો સાથ.
માસ ત્રણ સુધી તમે, ત્યાગો ઘર અનાજ;
નોકરથી તાંબુલ્ય પણ, નવ લેશો લગાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચોપાઇ.

**અક્કલથી સમજાવ્યો નાથ, રક્ષક નિત્ય રખાવ્યા સાથ;**
**વ્હાલાને નવ આવે આંચ, ઘર ભોજન છોડયું તત્કાળ.**

તે પોતાના મન સાથે વીચાર કરે છે કે જો આ વાત મારા પ્રાણપ્રિયને જણાવું તો તે મારા પીતાનો ઘાત કરશે અને જો વાત નહિ કરૂં તો મારા શિરછત્ર સ્વામીનો ઘાત થવાનો ભય છે. માટે હે દૈવ! હું આ વેળા પૂર્ણ દુઃખમાં આવી છું તો તું સાહ્ય થા! અને મારા સ્વામીને બચાવ! તેવામાં પુર્વના પુણ્ય પ્રભાવથી તેને સદ્બુદ્ધિ ઉત્પન્ન થઇ, જેથી પોતાના પ્રાણપતિ પ્રત્યે કહેવા લાગી કે હે સ્વામી! હું વિનયથી જણાવું છું કે આપને ત્રણ માસ સુધી મોટી આપત્તિ છે તેથી તમે અહીંના નોકર ચાકરાદિ માણસોથી ભોજન, પાણી વિગેરે કોઈ પણ પદાર્થ ગ્રહણ કરશો નહિ. તેવી રીતે તીલોત્તમાએ પોતાના પ્રાણ પતિને ત્રણ માસ સુધી ઘરમાં જમવાની તથા બહાર જવા આવવાની પણ મના કરાવી. તેથી તેને મારવાનો ઉપાય કોઈ પણ રીતે તેની સાસુના હાથમાં ન આવ્યાથી બુદ્ધિદત્ત મનમાં ખેદ પામતો પોતાની ભાર્યાને ઉપલંભો આપવા લાગ્યો. ત્યારે તે કહેવા લાગી કે હે સ્વામી! હું શું કરૂં ?!

ભુજંગી છંદ.

**ખરે જ્ઞાની એ જાણે ત્રીકાળ ભાવ,**
**નહી એ જગે આવશે કેમ દાવ;**
**ફરે લઠ્ઠ જેવા નીત્ય સાથી લેઇ,**
**તજ્યું અન્ન પાણી ધરે ધ્યાન દેઇ.**
**કરે વાત ન કોઇથી નીત્ય આહીં,**
**રહે માળ ત્રીજે સુખે બેસે તાંહી;**
**બહુ શંકા છે ચિત્તમાં નિત્ય એને,**
**વિચારો તમે મારશે કોણ તેને.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી વાત સાંભળીને શેઠે તેની સ્ત્રીને વધારે કહેવું મુકી દીધું પણ મનમાં નવો ઉપાય શોધવા લાગ્યો.

**આપીશ સો મહોરો તને, કરશે જમાઇ ઘાત;**
**એવું કહે સીપાઇને, પાપી ઘરનો નાથ.**

ત્યાર પછી તેણે સીપાઇઓને બોલાવીને લાલચ આપી કે જો તમે મારા જમાત્રને મારશો તો હું તમો દરેકને સો સો સોના મહોરો આપીશ. જેથી સીપાઇઓએ પણ લોભના વશ થઈ તે વાત માન્ય કરી.

દોહરો.

**જાણે જોકે તે નહી, તોય રહે સાવધાન;**
**ચંપક શાણો ના ફસ્યો, માસ છ ગુણવાન.**

તેઓએ છ માસ સુધી મારવાનો લાગ શોધ્યો પરન્તુ ચંપકના સાવધપણાથી તે ઘાતકો ફાવી શક્યા નહિ. ત્યાર પછી એક વખત ચંપક નાટક જોવા ગયો હતો અને ત્યાં ઘણી રાત વીતી ગઈ હતી અને નસીબયોગે બનવાકાળ હોય તે બને છે. તેવી રીતે રક્ષક સીપાઇઓ પણ જતા રહ્યા હતા અને તેઓને રાતના ક્યાં બોલાવવા જવું તેમ વીચારી તે એકલોજ મધ્યરાત્રે ઘેર આવ્યો, ત્યારે ઘરનાં બારણાં બંધ થયેલાં હતાં. તેથી બારણાં ન ઉઘડાવતાં ઘરની બહાર પરોણાઓને ઉઠવા બેસવા માટે ખાટલા ઉપર બીછાનું બીછાવેલું હતું તેમાં સુઈ ગયો. થોડીવાર પછી તેને મારનારા ઘાતકી સીપાઇઓ ત્યાં આવ્યા તેમણે તેને જોયો. એટલે તેઓ શસ્ત્ર વિગેરે લઈ તેને મારવા તૈયાર થયા પણ તેના પુણ્યના પ્રબળ પ્રભાવથી મારતાં અટકી તેઓ વીચારમાં પડી ગયા.

ભુજંગી છંદ.

**વીચારે બધા ત્યાં મળી ચીત્ત એવું,**
**ગયો કાળ વીતી થાય કાર્ય કેવું;**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરી પુછીને શેઠને મારવો એ,
એવો દૃઢ વિચાર કરી ગયા એ.

તે લોકોએ વીચાર્યું કે શેઠે જોકે મારવાનો હુકમ આપેલો હતો પણ તે વાતને બહુ દીવસ વીતી જવાથી તેઓ બધા શેઠને પૂછવા ગયા.

ભુજંગી છંદ.

ગયા શેઠની પાસ તે શસ્ત્ર લેઈ,
નહી છોડવો મારવો તે જમાઇ;
પુછે શેઠ ભાંખે મારો શીઘ્ર એને,
ગયા મારવા ત્યાંજ સીપાઈ તેને.

શેઠને પુછતાં હુકમ કર્યો કે તેને વાર નહીં લગાડતાં ત્વરાથી મારી નાંખો. તેથી સીપાઇઓ તરતજ મારવા માટે દોડ્યા.

છપ્પો.

પ્રબલ જેનું પુણ્ય, કોઇ શું તેને મારે,
જ્યારે આવે દાવ, પૂછવા જાએ ત્યારે;
પૂછી આવે જ્યાંય, દૂર તો તેતો જાતો.
કાંય ન આવે હાથ, ભલે કોઇ ધક્કા ખાતો,
એમ આથડી ક્રોધી થતાં, બદલે કોઈ મારશે;
માણેક શાણા સમજી લો, આખર પાપી હારશે.

દોહરા.

ચંપક માંકણ ત્રાસથી, ઉઠયો ત્યાંથી શીઘ્ર;
મીત્ર ઘેર જઇને સુએ, પુણ્યજ જેનું તીવ્ર.
આવ્યા જ્યાં સીપાઈઓ, શૈય્યા ખાલી દેખ;
આજુબાજુ શોધતાં, છે તારણની ટેક.
ઘરમાં કાંય મળે નહી, તેથી ચાલ્યા બહાર;
થાકી ડીકા તે પડયા, વ્યાપો જબરો ખાર.

પ્રિય વાંચકવર્ગ! જેનું પ્રબળ પુણ્ય હોય છે તે કદાચ કોઈના ફાંસામાં આવી જાય છે પણ તે બચી જાય છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેવીજ રીતે ચંપક પણ બરાબર ફાંસામાં આવી જતાં પૂર્વ પુણ્યના ઉદયથી બચી ગયો. સીપાઇઓ જ્યારે તેને મારવા આવ્યા ત્યારે ચંપકને માંકણ કરડવાથી ચેન ન પડતાં કંટાળીને મીત્રના ઘેર જઈ સુઈ ગયો હતો તેથી શૈય્યા ખાલી પડેલી જોઇને તેઓ તેને ઘરમાં શોધવા ગયા. ત્યાં પણ નહિ મળવાથી લોભના વશે કરીને દૂર શોધવા ગયા પણ તે હાથ નહિ આવવાથી ફીકે ચહેરે અને વિલખે મોંઢે પાછા આવ્યા. પણ તે દરેકને સો સો મ્હોરોનો લાભ જતો રહેવાથી તેઓના હૃદયમાં ઘણો ક્રોધ વ્યાપી રહ્યો.

ભુજંગી છંદ.

**કરી હુકમો શીઘ્ર કરાવવાને,**
**પૂઠે આવતો મારતો દેખવાને;**
**નહીં પુત્રી ભર્તા નહિ રક્ષકોને,**
**ઉરે ચીંતવે શેઠરે કયાં ગયો તે.**

દોહરો.

**વૈરી શું ભાગી ગયો, શોધીને તે સાજ;**
**કે તે મુઓ સીપાઈથી, ચાલ્યા કેંકણ કાજ.**

જ્યારે સીપાઇઓ તેને શોધવા ગયા ત્યારે જમાઇને મરાતો જોવાને શેઠ તુર્ત ત્યાં આવ્યો, પણ ત્યાં કોઇને નહીં જોવાથી શેઠ વીચારવા લાગ્યો કે શું મારો દુશ્મન નાશી ગયો? કે તેને મારીને સીપાઇઓ દાટવા સારૂં ગયા છે? એમ વીચાર કરતો શેઠ વધારે વખત લાગવાથી તથા ઉંઘનાં ઝોકાં આવતાં જોઈ કપડું ઓઢીને ઓટલાપર જે શૈય્યા હતી તેમાં સુઈ ગયો અને નિદ્રાધીન થયો.

ભુજંગી.

**બહુ થાકીને આવતાં ફીકે ચહેરે,**
**ગયો હાથથી બોલતાં આવે ઘેરે;**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયો હર્ષ સીપાઇને દેખીને તો,
નહીં દેખતાં શૈય્યામાં કોણ સુતો.

દોહરો.

એકસંપે શસ્ત્રો ધરી, આવ્યા સુભટ સાથ;
પાપી સસરાને હણ્યો, જે તેઓનો નાથ.
પુરો મરેલો જાણીને, લોહી વહેતું અંગ;
ફેંક્યું જઈ કુવા વીષે, વાળી લીધો ખંગ.

સીપાઇઓએ તેને રાત્રીને વિષે શોધવા ઘણો પ્રયત્ન કર્યો. પણ તેનો પત્તો નહીં લાગવાથી કંટાળીને પાછા ફર્યા તે સમયે શૈય્યામાં કોઇને સુતેલો જોયો, ત્યારે તેઓએ જાણ્યું કે તે લઘુશંકા કરવા ગયો હશે ને તે પાછો નિઃશંકપણે આવીને સુતો છે માટે હવે તેને મારી નાંખવો તેથી તેઓ ધીમેથી તેના ઉપર ઘા કરવા લાગ્યા. લોહી વહેતું દેખીને તથા તેને મરી ગયેલો જાણી તેઓ પોતાના મનમાં દુશ્મનને માર્યો એવું જાણીને તે મુડદાને કુવામાં નાંખવા સારૂ ગયા. વળી તેઓને સો સો સોનામહોરો મળવાથી આપણું દારિદ્ર જશે તેથી મનમાં મલકાતા હતા. પ્રાતઃકાળે શેઠની, કુવા, તળાવ આદિ સ્થળોએ શોધ કરતાં તેનું માત્ર લોહીલોહાણ થયેલું જીવરહીત હાડપીંજર હાથમાં આવ્યું તેથી સર્વ રડવા લાગ્યા. પછી જ્યારે સાધુદત્તે સીપાઇઓને પુછ્યું ત્યારે તેઓએ બનેલી સર્વ હકીકત કહી સંભળાવી. પોતાના વૃદ્ધ બંધુના અકસ્માત્ મૃત્યુથી અત્યંત ક્રોધાતુર થઇ તે પણ છાતી કુટતો અને અતિ આક્રંદ કરતો તેજ દીવસે પંચત્વને પામ્યો. તેથી સ્વજન સંબંધીઓ પણ થયેલા કૃત્યથી દીલગીર થયા તથા સ્વકૃત્ય પ્રત્યેનો પશ્ચાતાપ કરતા તેઓ પણ શોકયુક્ત થયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભુજંગી છંદ.

મુઓ સ્વકીય પાપે ખરે બુદ્ધિદત્ત,
વળી શોકથી તો મુઓ સાધુદત્ત;
હવે લક્ષ્મીનો સ્વામી છે પુણ્યવંત,
ખરે ભોગવે સુખથી તેજ સંત.

પોતાના પાપથી બુદ્ધિદત્ત મરણ પામ્યો, અને લઘુબંધું સાધુદત્ત તે પણ તેના શોકના દુઃખથી મુઓ. હવે પુણ્યવંત ચંપક તે લક્ષ્મીનો માલીક થયો અને તે સુખથી વાપરવા લાગ્યો.

છપ્પો.

પરનું બૂરૂ ચાહી, મારવા તેને જાતાં,
બૂરૂ નિજનું થાય, ઠોકરો સાથે ખાતાં;
નીદ્રા તેને નાવે, નિશદીનમાં ધંધો ખોવે,
ઘરનું ખોઈ ધન્ય, પાપમાં અન્ય ડબોળે,
એમ ઉપાય કરવા છતાં, પુણ્યશાળી તો ના મરે;
માણેક ચીત્ત ચેતી કહે, ખાડો ખોદે તે પડે.
બુદ્ધિદત્તે દીલ, દ્રવ્યમાં મમતા કીધી,
દાસી મારી રાન, જાણે હરાવું વિધી;
ઉછર્યો તોય કુમાર, જાણતાં હણવા તેને,
ભાર્યા ભેળવી સાથ, હોંશે મારવા એને,
એવી અનેક યુક્તીઓ જોડતાં, બુદ્ધિદત્ત પોતે મુઓ,
ચંપક વાંકો વાળ નહીં, આખરે તે સ્વામી હુઓ.

માણસ પારકાનું બૂરૂ કરવા પોતાનો ધંધો મૂકી તેને મારવા જતાં પોતેજ મરે છે. બુદ્ધિદત્ત શેઠે દ્રવ્યની લાલસાથી દૈવીક વાણીને મીથ્યા કરવા માટે દાસીને જંગલને વિષે મારી, તે છતાં કુમાર ઉછર્યો. તે જાણતાં તેને મારવાને માટે પોતાની સ્ત્રીને ભેળવી અનેક યુક્તિઓ કરી પણ ચંપકનો વાંકો વાળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહીં થતાં પોતે કરેલા ફાંસામાં સપડાયો; અર્થાત્ મરણ પામ્યો. જ્યારે ઘરમાં કોઇ પુરૂષ ના રહ્યો ત્યારે દવીક વાણીના વચને કરી સર્વ સંબંધીઓએ મળી ચંપકને બુદ્ધિદત્તના છન્નુકોટી સોનૈયાનો માલીક સ્થાપ્યો તથા તેમાં પોતાની ઉપાર્જન કરેલી ચૌદકોટી સોનામોહરોની અધિક વૃદ્ધિ થઈ. દ્રવ્યથી લોકોને સંતોષ આપતો અને ગરીબજનોને દાન આપતો તેથી લોકોમાં તેનો જશ ગવાતો હતો અને તે અઢળક વેપાર કરી વિશેષ સમૃદ્ધિવાન થયો.

દોહરો.

**છન્નુ કોટી ભંડારમાં, વેપારે સમ હોય;**
**હજાર વહાણુ છે સાગરે, ગાડાં તેટલાં જોય.**

ચોપાઈ.

**વખારો જેને છે હજાર, હાથી પાંચસોનો સુમાર;**
**ઘોડા સારા પાંચ હજાર, સુભટ પાંચસો તન રખવાળ. ૧**
**હજાર પાંચ છે બીજા ઘેર, ઊંટ હજાર કરે છે લહેર;**
**લાખ બળદ છે શોભાવંત, દશ હજાર જુદા ગુણવંત. ૨**
**દશ હજારનું એક ગોકુળ, તે સત ગોકળ શોભે કુળ;**
**દશ હજાર છે લખનાર, એવી રિદ્ધિ છે જે અપાર. ૩**
**અંગે લેપે લાગે લાખ, સુવર્ણ મહોરો સાચી ભાખ;**
**બીજું ખર્ચ શું ઓછું હોય, દાને તેવું આપે શોય. ૪**
**રોજ તેમાં લાગે દશ લાખ, જગમાં જેની સાચી શાખ;**
**ગુરૂ તેને સદ્ગુરૂ મળ્યા, ધર્મ પામતાં દુઃખજ ટળ્યા. ૫**

જેની પાસે છન્નુક્રોડ સોનૈયા ભંડારમાં છે અને તેટલાજ વેપારને વીશે રોકેલા છે તથા હજાર વહાણો સમુદ્રને વિષે ફરે છે, એકહજાર ગાડાં, એક હજાર વખારો, પાંચસો હાથીઓ, પાંચહજાર ઘોડાઓ, પાંચ સીંહ, પોતાના શરીરના રખવાળો, તથા પાંચહજાર બીજા નોકરો છે, એક હજાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઊંટ, એક લાખ દશહજાર બળદ, (સાત ગોકુળ, દશ હજાર ગાયોનું એક ગોકુળ), દશહજાર લહીયાઓ છે. એવીજ રિદ્ધિએ કરી યુક્ત ચંપક આનંદથી સુખ ભોગવે છે અને તે નિરંતર ગરીબજનોને દશલાખ રૂપીયાનું દાન આપે છે. આ પ્રમાણે ચંપકની લક્ષ્મીની લીલા દિનપ્રતિદિન વધવાથી સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચીતદાન, અભયદાન, અને કીર્તીદાન આપી જગતને વિશે દુઃખ અને દારીદ્રને દૂર કર્યું અને જિનેશ્વરની ભક્તિ કરવા માટે હજારો મંદીરો બંધાવ્યાં. તે મંદીરોની શોભા સાક્ષાત્ સ્વર્ગમાંથી ઉતરી આવેલા દેવ પ્રાસાદની પેંઠે લાગતાં હતાં. તે જીનાલયો તથા બીજા જીનાલયોમાં સ્થાપન કરવા માટે પાષાણ, પંચધાતુ, ચાંદી, સોનું, રૂપું, સ્ફાટીક, પરવાળાં વિગેરેની લાખો પ્રતિમાઓ તૈયાર કરાવી તેની શુભ મુહુર્તમાં પ્રતીષ્ઠા કરાવીને ધર્મના વિષે દ્રઢ થયો અને તે સ્વર્ગલોકની માફક સુખ ભોગવવા લાગ્યો.

**શાર્દુલ વિક્રીડીત છંદ.**

**પુણ્યે એહ પવિત્ર દીનનો, દાને ભોગે સૂર જે,**
**સંતોષી નિજદાર ધર્મ કરણી, હોંશ હતો પૂર તે;**
**યૌવા જોર અતુલ્ય સ્વીય તનુમાં, તોયે ન ઉન્મતત્તા,**
**વીત્યો કાળ અપાર તે સુખ મળે, પુણ્યે મળી યોગ્યતા.**

**દોહરો.**

**ભોગવીને બહુ સુખ જે, વળી દેઈને દાન;**
**અશુભ કર્મને ક્ષય કર્યાં, લેવા ઉત્તમ સ્થાન.**

એમ દેવને દુર્લભ એવું અનુપમ સુખ લાંબા વખત સુધી ભોગવતાં અને દેવગુરૂ ધર્મને આરાધતાં ઘણો કાળ વ્યતીત થયો. અન્યથા ત્યાં કેવળીગુરૂ સમોસર્યા તેવી ખબર લાવનારને ઇચ્છીત દાન દેઈ પોતાના સહકુટુંબસહીત ગુરૂ મહારાજને વંદના કરવા ગયો. ત્યાં કેવળી ભગવાનને ત્રણ પ્રદક્ષિણા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દઇ સન્મુખ આવી વિનયથી વંદન કરી યથોચીત સ્થાને બેઠા. શુદ્ધ માર્ગને પ્રદર્શીત કરનાર ગુરૂમહારાજે ભવ્યજીવોને વિષે ઉપકાર નિમિત્તે પોતાની અમૃત વાણીથી મધુર સ્વરે દેશના દેવી શરૂ કરી.

હે ભવ્ય પ્રાણીઓ! આ સંસારસમુદ્ર અનેક પ્રકારના દુઃખરૂપ કલ્લોલે કરીને પૂરેલો છે. તેને વિષે અથડાતા પ્રાણીઓને તેનો પાર પામવા સારૂં ધર્મજ પ્રવહણ સમાન છે. જ્યાં વિષયથી વિરામવાપણું છે, કષાયનો ત્યાગ છે, ગુણને વિષે અનુરાગ છે અને ક્રિયાને વિષે અપ્રમાદીપણું છે; ત્યાંજ શિવસુખના સાધનરૂપ ધર્મ છે. વળી મધ્ય, વિષય, કષાય, વિકથા અને પ્રમાદ એ પાંચ જીવને સંસારને વિષે પાડે છે. માટે હે ભવ્ય જીવો! તમે આ સંસારમાં મુંઝાઓ નહિ. જૈનધર્મનું તત્ત્વ જાણી તેનું આચરણ કરો. વારંવાર આર્યો સામગ્રી, મનુષ્યપણું, આર્યક્ષેત્ર, સિદ્ધાંત શ્રવણ અને શ્રદ્ધા એ ચાર વાનાં મળવાં મહા દુર્લભ છે. હે પ્રાણીઓ! તમે પ્રમાદનું આચરણ કરો છો અને સુખની વાંચ્છના કરો છો તો તે કેમ બનશે? કેમકે પ્રમાદવડે તો નર્કાદિક દુર્ગતિની પ્રાપ્તિ છે અને તે તો મહા દુઃખવડે સહન થાય તેમ છે, તો તમે પ્રમાદને તજીને ધર્મનું આરાધન કરો. આ અસ્થીર શરીરે કરીને પણ સ્થીર એવો જે ધર્મ છે તે સાધ્ય છે માટે મળયુક્ત અને ક્ષણભંગુર દેહ પામીને પણ તેને સાર્થક કરો. જેમ ચિંતામણી રત્ન દરિદ્રને મળવું સુલ્લભ નથી તેમ સમકિત પ્રમુખ ગુણની સંપદાએ સંયુક્ત એવું ધર્મરૂપ ચિંતામણિ રત્ન પામવું પણ મહા દુર્લભ છે. તો તેવા અમૂલ્ય રત્નનો યોગ મળ્યા છતાં તમે પ્રમાદને વિષે કાળ વ્યતીત કરો છો તે અત્યંત શોચનીય છે.

જેને મરણની સાથે મિત્રપણું હોય, જેનામાં મરણથી દૂર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પલાયન કરવાની શક્તિ હોય અથવા જે જાણતો હોય કે હું તો મરવાનોજ નથી તે તો એમ ધારે કે હું આગામીકકાળે ધર્મ કરીશ. પરંતુ જેને મરણ સાથે મિત્રાઈ નથી, જેનામાં મરણથી દૂર પલાયન કરી જવાની શક્તિ નથી અને જે જાણે છે કે હું તો નિશ્ચય મરવાનો છું તે પ્રાણી એમ કેમ વિચારે કે હું આગામીકકાળે ધર્મ કરીશ? તેમ હે ભવ્ય પ્રાણીઓ! તમારે પણ જે ધર્મકાર્ય આજ થતું હોય તે કાલ ઉપર રાખવું નહિ, કારણ કે આયુષ્ય ચંચળ છે તેનો બીલકુલ ભરૂંસો નથી. જેમ કેશરી સિંહ હરણને તેના યુથમાંથી ગ્રહણ કરીને લઈ જાય છે, તેમ કાળ આયુષ્યને અંતે સ્વજનાદિકના યુથમાંથી એકલો લઈ જાય છે. તે સમયે તેને માતા, પિતા, મિત્ર, પુત્ર, ભાઈ, ભાર્યાદિ કોઈ સહાય થતાં નથી, સૌના દેખતાં જીવ એકલો ચાલ્યો જાય છે. આ જીવને જીવિતવ્ય છે તે જળના બિંદુસમાન છે. જેમ જળનું બિંદુ થોડો સમય રહીને નાશ પામે છે તેમ જીવિતવ્ય પણ થોડો વખતજ રહે છે. સંપત્તિ એ પાણીના કલ્લોલ જેવી ચંચળ છે અને પુત્ર પુત્રાદિની ઉપરનો જે સ્નેહ છે તે પણ સ્વપ્ન સમાન છે માટે જે કાંઈ ધર્મકરણી બને તે કરવી, તેજ આ સંસારમાં સાર છે.

હે ભવ્ય પ્રાણીઓ! ધર્મકરણી કરતાં શરીરને સહજ કષ્ટ પ્રાપ્ત થાય છે તો તમે તેને સહન કરી શકતા નથી, પરંતુ પૂર્વે આ જીવે નરકને વિષે નારકીપણે ભયંકર દુઃખ ભોગવ્યાં છે એટલુંજ નહિ, પણ તે કરતાં અનંતગણાં દુઃખ જીવે નિગોદને વિષે ભોગવેલાં છે માટે તેનો વિચાર કરી ફરીને તેવાં દુઃખ પ્રાપ્ત ન થવા સારૂં સ્વતંત્રપણે ધર્મસિદ્ધિ ન કરતાં જે કાંઈ કષ્ટ સહન કરવું પડે તે કરો.

જો સ્વતંત્રપણે વ્રત તપસ્યાદિનું અણુમાત્ર કષ્ટ સહન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરશો નહિ તો પછી પરભવમાં તિર્યંચ નરકાદિક ગતિને વિષે પરતંત્રપણે અગણિત દુઃખો ભોગવવાં પડશે.

આ સંસારમાં જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, શોક તથા મરણનું દુઃખ એ પ્રમાણે અનેક દુઃખો ભરેલાં છે; તે છતાં તેને વિષે આશક્તપણું કેમ ધારણ કરી રહ્યા છો? જ્યાં સુધી ઇંદ્રિઓની હાની થઈ નથી એટલે પાંચે ઇંદ્રિઓ પૂર્ણ છે. જ્યાં સુધી જરા રૂપ રાક્ષસણી પ્રગટ થઈ નથી એટલે વિશેષ પ્રકારે પરિસ્ફુરણા પામી નથી. વળી જ્યાં સુધી રોગ રૂપ વિકાર પ્રગટ થયો નથી અને જ્યાં સુધી મૃત્યુ ઉદય પામ્યું નથી ત્યાં સુધી હે જીવો! તમે ધર્મનું આરાધન કરો. જ્યારે ઇંદ્રિઓ શિથિલ થશે, જરા આવી લાગશે, રોગ પ્રગટ થશે અને મૃત્યુ નજીક આવેલું જણાશે; ત્યારે શી રીતે ધર્મનું આરાધન કરશો? જે પ્રાણી આવેલો સમય ઓળખતો નથી, સમયાનુસાર કાર્ય કરી લેતો નથી તે પ્રાણીને પાછળથી પસ્તાવું પડે છે. જેમ ઘરમાં ચારે દિશાએ આગ લાગે છે ત્યાર પછી કોઇ પ્રમાદી જીવ કુવો ખોદીને પાણી કાઢી શકતો નથી; કેમકે તે વખત તત્કાળ પાણી જોઇએ છીએ. તેમ હે ભવ્ય પ્રાણીઓ! જ્યારે કાળ સમીપ આવશે અને મૃત્યુરૂપી અગ્નિ ફરી વળશે ત્યારે પછી ધર્મનું આરાધન કેવી રીતે કરી શકશો? કાંઇ પણ થઇ નહિ શકે માટે જે થાય તે હાલજ કરી લ્યો. વળી હે ભવ્ય જીવો! તમે નિરંતર તમારા કુટુંબને મારૂં કુટુંબ, મારૂં કુટુંબ કહ્યા કરો છે પરંતુ એ તમારૂં કુટુંબ કયાંથી આવ્યું છે અને કયાં જશે? અને તેમજ તમે પણ કયાંથી આવ્યા છો અને કયાં જશો? એની પરસ્પર કાંઈ પણ ખબર નથી, કાંઈપણ સંબંધ નથી, સાથે આવ્યા નથી, સાથે જવાના નથી તો પછી તમે કોણ અને કુટુંબ કોણ? કોઈ કોઈનું નથી, માત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અજ્ઞાનતાના લોભે કરીને તમે મારૂં મારૂં કહ્યાં કરો છો તો હવે અજ્ઞાનતા દૂર કરી ઉન્માર્ગને તજી દઈ ધર્મરૂપ જે ઉત્તમ માર્ગવડે શીવપુર નગરીને વિષે જઇ શકયા છે તે માર્ગને ગ્રહણ કરો જેથી તમારા આત્માનું સાર્થક થાય અને મન વાંચ્છિત સુખના ભોક્તા થાઓ.

આ પ્રમાણે કેવળી ભગવંતે અપૂર્વ ધર્મદેશના દીધી તેને શ્રવણ કરીને અનેક ભવ્ય પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. ગુરૂની વાણી સાંભળીને પોતાનો સંશય દૂર કરવા ચંપકે કેવળી ગુરૂને વિનયપુર્વક નમ્રતાથી પૂછયું કે હે ભગવંત! મેં પૂર્વે શું પુણ્ય કર્યાં હશે કે આવી અપાર સંપત્તિનો ધણી થયો અને બુદ્ધિદત્તે શું પાપકર્મ કર્યાં હશે કે તેની છન્નુ કોટી સુવર્ણ મહોરો બીજાના હાથમાં ગઇ અને તે બુરા હાલે મુઓ? અને કયાં કર્મે કરી હું અજ્ઞાત કુળવાન થયો અને મારી વૃદ્ધ માતાને મારા ઉપર કેમ સ્નેહ થયો? તથા હું નિરપરાધી છતાં મારે શેઠની સાથે કેમ વૈર થયું? ઈત્યાદિ વાકયો બોલીને કહેવા લાગ્યો કે હે ત્રીભુવનપતિ, ત્રૈલોકય પુજ્ય, લોકાલોક પ્રકાશક આપ મારા આ સંશયોને દૂર કરો ત્યારે કેવલી પ્રભુ તેનો પૂર્વભવ કહેવા લાગ્યા.

ચોપાઇ.

**સુમેળા નામે નગરી એક, પાસે તપોવન સુંદર દેખ;**
**બે તાપસ ત્યાં કંદમુળ ખાય, પંચાગ્ની તાપે છે કાય.**
**પ્રથમ કપટી ને બીજો સરલ, ભવદત્ત ભવભૂતિ નરવર;**
**મરી થયા તેઓ બે યક્ષ, તપશ્ચર્યામાં રાખી લક્ષ.**
**ભવદત્ત થયો પછી ત્યાં શેઠ, અન્યાય પૂરીમાં કરતો વેઠ;**
**લોકોને ઠગવાની ટેવ, દુષ્ટ કર્મની કરતો સેવ.**
**બીજો જન્મ્યો પાટલીપુર, મહાસેન સરળ છે ઉર;**
**ક્ષત્રી જાતિ બહુ છે ધન, દીનોનું સંતોષે મન.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક દીવસ જાત્રાએ જાય, ફરતાં ફરતાં આવે ત્યાંય;
જ્યાંય વસે છે વચનામતિ, અન્યાયપુરમાં જેની ગતિ.
થાપણ આપ્યાં રત્નો પંચ, મનમાં નવ રાખી કાંઈ ખાંચ;
કપડાની બાંધીને ગાંઠ, નહી દેખાડયો તેનો ઠાઠ.
જ્યારે મહાસેનજ નીકળ્યો, ખોલી જોતાં લોભ ઉછળ્યો;
લક્ષ મુલ્યનાં પાંચ રતન, લલચાયું તેનું ત્યાં મન.
એક રત્ન ગીરવી મૂકીને, કર્યા મહેલ ધર્મ ચૂકીને;
ચાર રત્ન છૂપાવી દીધ, વાત તેની ક્યાંય ન કીધ.
પાછો આવી માગે રતન, મહાસેન ભોળો છે મન;
વચનામતિ કે જાણું નહીં, કુણ છે તું કેમ આવ્યો અહીં.
થાપણ કોઇની નવ રાખીએ, સંતોષે નિજદીન કાઢીએ;
મહાસેન વીચારે પડયો, કયો ગ્રહ અહીં આવી નડયો.
મનમાં તે વીચારે ઘણું, શોધે બળ તે રાજા તણું.

સુમેળકા નગરીના સમિપમાં એક સુંદર તપોવન હતું. ત્યાં ભવદત્ત અને ભવભૂતિ કરીને બે તાપસો કંદમુળાદિકનો આહાર કરતા તથા પંચાગ્નિ સ્નાન કરતા હતા. તેમાં ભવદત્ત કપટી તથા ભવભૂતિ સરળ હૃદયનો હતો. તેઓ કેટલાક સમયે મૃત્યુ પામીને બન્ને જણા યક્ષ થયા અને ત્યાંથી ચ્યવીને પ્રથમ ભવદત્તનો જીવ અન્યાયપુરીને વિષે વચનામતિ નામે શ્રેષ્ટી થયો, તથા બીજો જે ભવભૂતિ તે ચ્યવીને પાટલીપુર નગરને વિષે મહાસેન નામનો ક્ષત્રી ઘણોજ દ્રવ્યવાન, પ્રકૃતિએ સરળ, તેમજ સંતોષી સ્વભાવવાળો થયો. તે મહાસેન એક વખત સારાસાર વસ્તુઓ ગ્રહણ કરીને જાત્રા કરવા સારૂ નીકળ્યો. ફરતાં ફરતાં અન્યાયપુર નગરમાં જ્યાં વચનામતિ શેઠ રહે છે ત્યાં આવ્યો. ત્યાંથી પોતાનો વિચાર આગળ જવાનો હોવાથી મનમાં અંદેસો નહીં લાવતાં અમૂલ્ય પાંચ રત્નો જે તેની પાસે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતાં તે વચનામતિ શેઠને ત્યાં થાપણુ તરીકે મુક્યાં. મહાસેન ત્યાંથી નીકળ્યા પછી તે પાંચ રત્નો જોતાંજ શેઠનું મન લલચાયું, તેથી શેઠે પોતાનો ધર્મ ચુકીને એક રત્ન ગીરવી મુક્યું અને એક સુશોભિત મહેલ બંધાવ્યો, તથા બાકીનાં ચાર રત્નોને છૂપાવી ગુપ્ત સ્થાનકે રાખ્યાં. કેટલોક સમય વીત્યા બાદ મહાસેને આવીને પોતાનાં આપેલાં પાંચ રત્નની શેઠ પાસે માગણી કરી, ત્યારે વચનામતિ શેઠ કહે છે અરે ! તું કોણ છે ? અને તું ક્યાંથી આવ્યો છે ? હું રત્નો વિષે કંઈ જાણતો નથી. તેમ કોઇની થાપણુ ઓળવવા માગતો નથી. માટે તું જ્યાંથી આવ્યો હોય ત્યાં પાછો ચાલ્યો જા. આથી મહાસેન વિચારમાં પડયો કે મને કયો ગ્રહ નડયો, કે જેથી મારાં પાંચે રત્નો ગુમાવ્યાં. વણીકને માટે કહ્યું છે કેઃ—

## વણીકનું લક્ષણ.

છપ્પો.

**આવ્યું હોય જો ગુપ્ત, કહે છે નથી મેં લીધું;**
**જાહેર દીધું તોય, ઓળખનું બાનું લીધું;**
**લેવે જ્યાં દે આપ, આપતાં ઓછું તોલે;**
**બોલે મીઠા બોલ, વાણી ભરી છે ગોલે;**
**એમ પાસે જન બેસાડીને, ઠગશે વણીક વીવેકીને;**
**માણેક ચતુરાઇ ચીંતવી, કરો વ્યવહાર સુપેખીને.**

દોહરો.

**આવ્યો રાજ દરબારમાં, નિર્વિચારી રાજ;**
**અનામર ભંડારી છે, શું તે દેવે સહાજ.**
**સર્વંગલ સલાહકાર, અજ્ઞાનરાશી પ્રધાન;**
**જંતુનાશક વૈદ છે, શું દે સુખનું સ્થાન.**
**કુટુંબ કોલાહલ તણો, રસ છે સૌને ચિત્ત;**
**પથ્થર ફેંક્યું પુરોહિતે, કેવું થાયે ઉચિત.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વચનામતિ છે શેઠીયો, કપટકોશ્ય છે નાર;
નામજ એવાં સાંભળી, કરે વિચાર કુમાર.
ખરે રત્ન મારાં ગયાં, હાથ ન આવે કાંઇ;
મુક્તકોશ્યા એક આવી ત્યાં, રહી એ સમે રોઈ.
રાજાએ ત્યાં પુછીયું, કેમ રડે છે બોલ;
અહીંયાં સૌનો થાય છે, ન્યાય તણો તો તોલ.
ચોર તણી હું માવડી, નગર તમારે રહું;
કલેશ કદી કરતી નથી, કિંચિત દુઃખ ન દઉં.
રાજા કહે ધન્ય છે તને, શી છે તુંજ ફરીયાદ;
બુઢ્ઢી ત્યારે બોલતી, સાંભળ રાજા વાત.
મારો પુત્ર એકજ હતો, ગયો ચોરીને કાજ;
દેવદત્તની ભીંતજ પડી, પુત્ર મરાયો આજ.
મારો પાળક કોઈ નહીં, તેની ચિંતા ઉર;
રાજા કહે પાળીશ હું, જાઓ સુખથી પુર.

જો કોઇએ ગુપ્ત આપ્યું હોય તો તે ઓળવે છે અને નીશાની આપે તોય આપ્યું હશે કે નહીં તેવો સંશય લાવે છે. વળી સેવા આપવામાં બન્નેને લૂટે છે અને મોઢે મીઠું મીઠું બોલે છે; તોપણ લોકોને વિષે વણીક સારા કહેવાય છે. આવાં મૃષા વચન બોલીને વચનામતિ શેઠે મહાસેન કુમારની થાપણ ઓળવી તેથી તે ફરીયાદ કરવા સારૂં રાજદ્વારે ગયો. ત્યાં કોઇ પુરૂષ પ્રત્યે પૂછ્યું કે હે ભાઇ! આ નગરીનું નામ શું, અને કયો રાજા રાજ્ય કરે છે તેણે પ્રત્યુત્તર આપ્યો કે આ અન્યાયપુર નામે નગર છે અને નિર્વિચાર નામે રાજા રાજ્ય કરે છે. અતિ કનિષ્ટ આચારવાળો અધ્યક્ષ અને સર્વંગીલ નામે મંત્રી ( સલાહકારક ) છે. અજ્ઞાનરાશી પ્રધાન છે, જંતુકેતુ નામે વૈદ છે. શીલાપ્રાતુ પુરોહિત છે. વચનામતિ નામે શ્રેષ્ટી છે. અને કપટકોસ્યા નામે ગુણીકા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી વાત સાંભળી કુમાર વિચારવા લાગ્યો કે જરૂર મારાં રત્નો ગયાં. કેમકે અનીતીવાન રાજ્યમંડળ છે ત્યાં ઇન્સાફની વાત ક્યાંથી હોય?! એવામાં મુક્તકેશ્યા નામની વૃદ્ધ સ્ત્રી રોતી રોતી ત્યાં આવી. તેણીને રાજાએ કહ્યું કે અહીંયાં સર્વેનો ન્યાય થાય છે અને તું શા માટે રડે છે? એથી તે સ્ત્રીએ કહ્યું કે હું એક ચોરની માતા છું, અને આપના નગરમાં રહું છું. હું કોઈ દિવસ ક્લેશ કરતી નથી અને કોઇને દુઃખ આપતી નથી. મારે એકનો એક પુત્ર હતો, તે ચોરી કરવા ગયો હતો, પણ ધનદત્ત શેઠના ઘરની ભીંત પડી જવાથી આજે મરણ પામ્યો છે તેથી હું નીરાધાર થઈ છું. અને મારૂં પાલનપોષણ કરનાર કોઇ નથી. તેથી રાજાને દયા આવવાથી તે બાઇને કહ્યું કે હું તારૂં ભરણપોષણ કરીશ માટે તું સુખેથી ઘેર જા. ત્યાર પછી દેવદત્ત શેઠને બોલાવીને પૂછ્યું કે તમારા ઘરની ભીંત શા માટે કાચી રાખી હતી કે આવેલો ચોર મરી ગયો? વણીકે વિવેકથી ઉત્તર આપ્યો કે તે કાર્ય કારીગરનું છે તેમાં મારી કાંઈ કસુર નથી. તેથી રાજાએ તેને વિદાય કરીને કારીગરને બોલાવ્યો. ત્યારે કારીગરે કહ્યું કે દેવદત્તની પુત્રી વસ્ત્રાભુષણ સજીને ઉન્માર્ગે જતી જોઇ, તેથી મારૂં મન અસ્થિર થતાં ભીંત ચણતાં પોલી રહી ગઇ. પછી રાજાએ તે કન્યાને બોલાવી પૂછ્યું ત્યારે તેણે ઉત્તર આપ્યો કે નગ્ન પરિવ્રાજકને બેમર્યાદાપણે દેખવાથી લજ્જા પામી હું ઉન્માર્ગે ગઈ. તેથી પરિવ્રાજકને બોલાવી રાજાએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે તમારો જમાઇ ઘોડાને ખેલાવતો ખેલાવતો ભુલથી ઠોકર ખાઈ ગયો, તેથી હું ચકિત થઇ બેમર્યાદા બની ગયો, તેમાં મારો દોષ નથી પણ વિધાત્રાનોજ દોષ છે. આથી રાજાએ મંત્રીને ફરમાવ્યું કે વિધાત્રાને જલદી પકડી લાવો? મંત્રીએ સમય જોઈ ઉત્તર આપ્યો કે તે તો હમણાંજ આપના ડરથી નાશી ગઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, પણ તેને કોઇ પણ રીતે હમણાં પકડી લાવીશું. તે નાશીને ક્યાં જશે ? આવી રીતે રાજાને સમજાવી સભા વિસર્જન કરી. મહાસેન આવો ન્યાય જોઇ મનમાં સમજી ગયો કે અહીં રત્નોની ફરીયાદ કરવા જતાં વખતે પ્રાણની આશા પણ છોડવી પડશે તેથી ગુપચુપ નીકળી કપટકોશ્યાને ઘેર જઇ તેને સવિસ્તર હકીકત નિવેદન કરી.

દોહરો.

**વેશ્યાને સંભળાવતાં, દયા આવી ગઇ દીલ;**
**આણી આપું રત્ન તેહ, થાય નહીં કાંઇ ઢીલ.**
**ધીરજ આપી શેઠને, થઇ તીહાં તૈયાર;**
**સાર વસ્તુઓ સાથે લેઇ, ચાલી ચતુરા નાર.**

આથી વેશ્યાએ પોતાના ઘરની સઘળી અમૂલ્ય વસ્તુઓ લઇને થાપણ રાખેલ વચનામતિ શેઠને ત્યાં જઇને કહેવા લાગી કે મારી બહેન વસંતપુરમાં માંદી છે અને તે મરવાની અણી ઉપર છે માટે તેને મળવા માટે હું જાઉં છું. વળી તેને જો કાંઈ થશે તો હું પણ તેના વિયોગમાં જીવતી બળી મરીશ. તેથી હે શેઠ! આ ઊંટ ઉપર ચઢાવેલું સઘળું ધન ધર્મમાર્ગે વાપરવાનું છે તો આપ તે ધન તપાસી લો ? શેઠે લોભને લીધે વાત કબુલ કરીને માલ તપાસવા માટે ગયા. તેવામાં પ્રથમથી ગોઠવણ કર્યા મુજબ મહાસેન ત્યાં આવી શેઠની પાસે પોતાનાં રત્નો માગવા લાગ્યો, તેથી શેઠે વધારે લક્ષ્મીના લોભે જઇ ગુપ્ત રાખેલાં ચાર રત્નો તેને પાછાં આપ્યાં. પછી જ્યારે શેઠ પાસે પાંચમા રત્નની માગણી કરી ત્યારે બીજાને ત્યાં ગીરો મુકેલું હોવાથી દ્રવ્ય આપી પોતાના છોકરા મારફતે મંગાવી આપ્યું. તેથી મહાસેન પાંચે રત્નો લઈ નીકળ્યો. ત્યારે વેશ્યાએ પ્રથમથી સંકેત કરી રાખેલો માણસ વધામણી લઇ આવ્યો કે તમારી બેનની તબીયત તદન સારી થઈ ગઇ છે તેથી તમારે ત્યાં જવાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાલ જરૂર નથી. વેશ્યાએ હર્ષમાં આવી શેઠને માલ આપવો બંધ રાખ્યો અને કહેવા લાગી કે હે ભાઇ! તમારે હવે તસ્દી લેવાની જરૂર નથી. પછી સઘળો સામાન પોતાના ઘેર પાછો મોકલાવી દઇ હર્ષથી નાચવા લાગી. ત્યારે મહાસેન પોતાનાં પાંચે રત્નો વેશ્યાની અક્કલથી પાછાં મળેલાં જાણી હર્ષઘેલો થયો. વળી વચનામતિ શેઠ (જેણે રત્નો ઓળવ્યાં હતાં તે) પણ નાચવા લાગ્યો. તે જોઇને ભેગા થયેલા સર્વે લોકોએ તેઓને હર્ષમાં આવી નાચવાનું કારણ પૂછ્યું, ત્યારે બે જણનું કારણ સમજાયું પણ થાપણ ઓળવનાર શેઠને પૂછતાં તેણે જણાવ્યું કે અત્યાર સુધી હું કોઇથી ઠગાયો નહોતો પણ આ વેશ્યાએ મને ઠગ્યો. એક તો રત્નો ગયાં અને બીજું વેશ્યાની રિદ્ધિ પણ ગઇ. સર્વે લોકો આવા ઠગને પણ ઠગનાર મળ્યું જાણી હસવા લાગ્યા. આથી શેઠને માઠું લાગવાથી વૈરાગ્ય આણી તાપસવૃત્તિને અંગીકાર કર્યું. મહાસેન પણ પોતાના દેશમાં જઇ રત્નના પ્રભાવથી સુખી થઇ દિવસો ગુજારવા લાગ્યો.

ભુજંગી છંદ.

**થયો એકદા દેશ દુકાળ ભારે,**
**ગયા લોક સૌભાગીને ભૂખ મારે;**
**રહ્યાં તે મુઆં દુ:ખથી તે જગ્યાએ,**
**દીશે મુડદાં લોકનાં ઠામ ઠામે.**
**પિતા વેચતો પુત્રને અન્ન માટે,**
**લહે કોઇ ના તેહને દામ સાટે;**
**કરૂણા પછી દીલમાં લાવી તેને,**
**મહાસેન બુદ્ધિ તદા અન્ન દેણે.**

દોહરો.

**ભુખ્યાને અન્ન આપીને, સંતોષ્યા બહુ જન;**
**રોગીને ઔષધ દીએ, દે નિર્ધનને ધન.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**વગડાવી ઢોલી તીહાં, ભલે આવોરે કોય;**
**આશ્રય અહીં સૌને મળે, ભેદભાવ નહીં હોય.**

ભુજંગી છંદ.

**હતા જે વળી પુર્વે ધનાઢ્ય શેઠ,**
**થયાં તે દુઃખી કર્મની ભારી વેઠ;**
**દે અન્ય છુપું નહીં કોઇ જાણે,**
**ખરે ધન્ય એ વિશ્વમાં લોક માને.**

મહાસેનના પુણ્યના ઉદયથી અને પાંચ રત્નોના પ્રતાપથી કરોડો મણ અનાજ સંઘરીને પ્રસંગ આવતાં જાહેર રીતે ગરીઓને અને અંદરથી દુઃખી થઇ ગયેલા આબરૂવાળા કુટુંબોને ગુપ્તદાન આપી દુકાળરૂપી રાક્ષસના પંજામાંથી હજારો જીવોને બચાવ્યા હતા, તેમજ તેની સાથે રોગીઓને દવા આપી રોગોને શાંત પાડયા હતા. આ વખતે એક પરદેશી નિરાધાર વૃદ્ધ ડોશી રોગથી પીડાતી તેની દાનશાળામાં આશ્રય લેવા આવી. તેની જઠરાગ્નિ મંદ પડવાથી તેને ખાધેલું પાચન નહોતું થતું તેથી તેને પોતાના ઘરમાં લાવીને, દવા કરી તથા બરદાસ ચાકરી કરીને સારી કરી હતી. આ સમયે તેની સ્ત્રી ગુણસુંદરી પણ ગરીબોને દાન આપી પોતાના હાથે કેટલાક ગરીઓની બરદાસચાકરી કરતી હતી. આવી રીતે તે મહાસેન અનુકંપાદાન આપવાથી મરણ પામી આ ભવને વિષે ચંપક શેઠ થયો, અને ગુણસુંદરી બુદ્ધિદત્ત શેઠને ત્યાં પુત્રીપણે અવતરી કે જેનું નામ ત્રીલોત્તમા પાડયું. પેલી વૃદ્ધ ડોશી મરીને તેને પાળનારી પાળક માતા થઈ. વચનામતિ શેઠ મરીને બુદ્ધિદત્ત થયો. અને તેને તારા (મહાસેન) રત્નોને ઓળવવાથી તેનું ધન તને આપવું પડયું. તેં મહાસેનના ભવમાં હર્ષ બતાવી તે શેઠનો લોકો આગળ પરાભવ કરાવ્યો તેથી તારે તેની સાથે વૈર બંધાયું. અને તેજ ભવમાં તેં કુળમદ કર્યો હતો તેથી તું દાસીને પેટ પુત્રપણે અવતર્યો. કહ્યું છે કેઃ—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**વધ બંધન નિભર્ત્સના, પરધન લીધું હોય;**
**ફળ તેનું તો દશ ગણું, સમયે સમયે જોય.**
**મદ છે આઠજ જાતિના, કરતાં ફરશે તેહ;**
**ઉલટ તેથી પામવું, દેજો તેને દેહ.**

આ પ્રમાણે કેવળીગુરૂ મુખથી પોતાનું પુર્વ ચરિત્ર યથાર્થ સાંભળી વૈરાગ્ય રંગે રંગાઈ સંસારરૂપી નાટકથી ખેદ પામી ભાર્યાસહિત ચંપક શેઠે ચારિત્રને ગ્રહણ કર્યું. અને તેને આરાધન કરી સ્વર્ગે ગયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રને વિષે અવતરી મનુષ્યપણું પામી ચારિત્ર ગ્રહણ કરી કેવળજ્ઞાન પામી મોક્ષે જશે.

**સુદ જેઠની ચોથને, સોમવાર સુખકાર;**
**સંવત ઓગણી અડસઠે, લખ્યો ગ્રંથ શ્રીકાર.**

હે ભવ્ય પ્રાણીઓ! ઉપર કહેલી ચંપક શ્રેષ્ટિની કથાનું શ્રવણ કરીને નિરંતર યથાશક્તિએ દીન, અનાથ, નિર્બળ, રોગી, તેમજ નિરાધાર એવા મનુષ્યોની ઉપર દયા લાવીને દાન આપજો. દ્રવ્ય પામ્યાનું સાર્થક એજ છે કે આ ભવ અને પરભવને વિષે શ્રેયસ્કર કાર્યોમાં તેનો સદુપયોગ કરવો. જે પ્રાણી આ ભવમાં અભયદાન, સુપાત્રદાન તેમજ અનુકંપાદાન કરે છે તે પ્રાણી ભવાંતરને વિષે દુઃખ કે દારિદ્રને તો પામતોજ નથી. અભયદાન અને સુપાત્રદાનથી તો યાવત્ થોડા સુખની પ્રાપ્તિ થાય છે. માટે એવો અત્યુતમ જે દાન ધર્મ તે ધર્મને ભગવંતે ચાર પ્રકારના ધર્મના પ્રારંભમાંજ ઉપદેશદ્વારાએ પ્રગટ કરેલા છે તેનું મોક્ષાભિલાષી અને આત્મહીત વાંચક પ્રાણીએ અવશ્ય આચરણ કરવું. જેથી ઉત્તરોતર સુખની પરંપરાને પામી યાવત્ મોક્ષ સુખના અધિકારી થાઓ. તથાસ્તુ.

**સમાપ્ત.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અમારી ઓફીસમાંથી મળતાં પુસ્તકો.

| | રૂ. આ. પા. |
|---|---|
| **સદ્બોધચિંતામણી તથા ગુણમાળા.** | ૦—૨—૦ |
| ( ગુણમાળા માટે પુજ્યવર્ય શ્રી બુદ્ધિસાગર મહારાજે ઉચ્ચ અભિપ્રાય આપ્યો છે. ) | |
| **સકામનિર્જરા અને નારીહીતશિક્ષા.** | ૦—૨—૦ |
| સ્ત્રીઓને ખાસ વાંચવા લાયક ઉત્તમ શૈલીથી આ પુસ્તક મુનિ માણેકની કસાયલી કલમથી લખાયેલ છે. ઉપર જણાવેલાં એ પુસ્તકો સાથે લેનારને ત્રણ આના. | |
| **સતિ શીયળવતી.** ( આવૃતી બીજી ) ... | ૦—૨—૦ |
| **માણેકમાળા.** ... ... ... ... ... | ૦—૧—૦ |
| **વિશ્વાનુભવ અને દર્પણ શતક.** ... | ૦—૧—૬ |
| **ચંપકશ્રેષ્ટી ચરિત્ર.** ... ... ... ... | ૦—૨—૦ |

ઉપર લખેલાં છ પુસ્તકો સાથે લેનારને હર્ષમુનિ આદિ મુનિ રાજોનાં જીવનચરિત્ર ભેટ આપવામાં આવશે.

દરેકનું પોષ્ટ ખર્ચ જુદું સમજવું. નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ.

**તા૦ ક૦** જથાબંધ પુસ્તકો લેનારને કમીશન સારૂ આપવામાં આવશે. વિશેષ ખુલાસો પત્ર વ્યવહારથી કરવો.

**શ્રી જૈન મિત્રમંડળ.**

**માંડળ**–(તા. વીરમગામ.)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust